પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ | વર્ષ : ૨૮ અંક : ૧૧૮ કુલ પાના : ૪ તારીખ : ૦૮-૦૧-૨૦૨૫ બુધવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

નેપાળથી બિહાર-બંગાળ સિક્કિમ સુધી ધરા ધ્રુજી,ભૂકંપથી તિબ્બતમાં ભારે તબાહી,૫૩ લોકોના મોત નિપજયાં

નવીદિલ્હી,

નેપાળની સરહદ નજીક તિબ્બતના પહાડી વિસ્તાર શિજાંગમાં મંગળવારે સવારે એક કલાકની અંદર ૬ જેટલા ભૂકંપ આવ્યા. જેમાં રિક્ટર સ્કેલ પર ૭.૧ની તીવ્રતાનો શક્તિશાળી ભૂંકપ પણ સામેલ હતો. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ ભૂકંપના કારણે તિબ્બતમાં જાનમાલનું ભારે નુકસાન થયું છે. લગભગ ૫૩ લોકોના જીવ ગયા છે. ભૂકંપે તિબ્બતના શિગાત્સે શહેરમાં ભારે તબાહી મચાવી છે. અનેક ઈમારતો સહિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટા પાયે નુકસાન થયું છે.

નેપાળ સહિત ત્રણ દેશોમાં મંગળવારે સવાર સવારમાં ભૂકંપના ઝટકા મહેસૂસ થયા. નેપાળમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર

૭.૧ની જોવા મળી. બિહાર, સિક્કિમ, અસમ અને પશ્ચિમ બંગાળ સહિત ભારતના અનેક વિસ્તારોમાં ભૂકંપના ઝટકા મહેસૂસ થયા. તિબ્બતમાં પણ ૬-૮ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હોવાનું મીડિયા રિપોર્ટસમાં જણાવવામાં આવ્યું છે.

ચીનની સરકારી એજન્સી સિન્હુઆએ જણાવ્યું છે કે શિજાંગ સ્વાયત્ત ક્ષેત્ર (તિબ્બતના શિગાત્સે શહેર)ના ડિંગરી કાઉન્ટીમાં આવેલા ૭.૧ની તીવ્રતાના ભૂકંપમાં ૫૩ લોકોના મોત થયા છે જ્યારે ૬૨ લોકો ઘાયલ થયા છે. ભારત, નેપાળ, બાંગ્લાદેશ, અને ભૂટાનના અનેક વિસ્તારોમાં પણ ભૂકંપના ઝટકા મહેસૂસ થયા.

ચીની મીડિયા મુજબ ભૂકંપના કેન્દ્ર પાસે અનેક ઈમારતો તૂટી પડી. ચીનના પબ્લિક બ્રોડકાસ્ટર સીસીટીવીએ કહ્યું કે, ડિંગરી કાઉન્ટી અને તેની આજુબાજુના વિસ્તારોમાં ખુબ ઝટકા મહેસૂસ થયા અને ભૂકંપના કેન્દ્ર પાસે અનેક ઈમારતો તૂટી પડી. નેપાળની રાજધાની કાઠમંડુમાં ભારે ઝટકા મહેસૂસ થયા બાદ લોકો ઘરોમાંથી બહાર આવી ગયા. કાઠમંડુની મીરા અધિકારીએ સમાચાર એજન્સી એએનઆઈને કહ્યું કે હું સૂતી હતી અને અચાનક બેડ હલવા લાગ્યો. મને લાગ્યું કે મારું બાળક બેડ હલાવે છે. મે એટલું ધ્યાન ન આપ્યું. પરંતુ બારી હલતા મને લાગ્યું કે ભારે ભૂકંપ આવ્યો છે. હું જલદી બાળકને લઈને ઘરની બહાર ભાગી અને ખુલ્લા મેદાનમાં જતી રહી.

નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના જણાવ્યાં મુજબ ૭.૧ની તીવ્રતાનો પહેલો ભૂકંપ સ્થાનિક સમય મુજબ સવારે ૬.૩૫ વાગે નેપાળ-તિબ્બત સરહદ પાસે શિજાંગમાં આવ્યો. આટલી તીવ્રતાનો ભૂકંપ શક્તિશાળી ગણાય છે અને ગંભીર નુકસાન પહોંચાડવા માટે સક્ષમ હોય છે. ચીની અધિકારીઓએ તિબ્બતના બીજા સૌથી મોટા શિગાત્સે શહેરમાં ભૂકંપની તીવ્રતા ૬.૮ નોંધી. તે શિજાંગ ક્ષેત્રથી એક કલાકની અંદર ભૂકંપના ૫ વધુ ઝટકા મહેસૂસ થયા. જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૭ અને ૪.૯ માપવામાં આવી. ભૂકંપનું કેન્દ્ર ત્યાં હતું જ્યાં ભારત અને યુરેશિયાની ટેક્ટોનિક પ્લેટ અથડાય છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે મંગળવારે સવારે તિબેટ ક્ષેત્રના જીજાંગમાં ભૂકંપ આવ્યો હતો. અહીં સવારે ૬:૩૦ વાગ્યે ૧૦ કિમીની ઊંડાઈએ ૭.૧ની તીવ્રતા સાથે ભૂકંપ આવ્યો હતો. આ પછી ૭:૦૨ વાગ્યે ૪.૭ની તીવ્રતાનો, ૦૭:૦૭ વાગ્યે ૪.૯ની તીવ્રતાનો અને ૭:૧૩ વાગ્યે પાંચની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો. જેના કારણે લોકો ઘર છોડીને ખુલ્લી જગ્યાઓ તરફ જતા રહ્યા હતા. જો કે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.કાઠમંડુની રહેવાસી મીરા અધિકારીએ જણાવ્યું કે જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે હું સૂઈ રહી હતી ત્યારે અચાનક બેડ ધ્રુજવા લાગ્યો, મને લાગ્યું કે મારું બાળક બેડ હલાવી રહ્યું છે. મેં એટલું ધ્યાન ન આપ્યું, પછી મેં જોયું કે બારી પણ ધ્રૂજી રહી હતી, ત્યારબાદ મને લાગ્યું કે ભૂકંપ આવ્યો છે.

અગાઉ ગયા મહિને એટલે કે ૨૧મી ડિસેમ્બરે નેપાળમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૮ માપવામાં આવી હતી.એપ્રિલ ૨૦૧૫માં નેપાળમાં ૭.૮ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, અંદાજે ૯,૦૦૦ લોકો માર્યા ગયા અને આશરે ૨૨,૦૦૦ અન્ય લોકો ઘાયલ થયા. તેણે ૮૦૦,૦૦૦ થી વધુ ઘરો અને શાળાની ઈમારતોને નુકસાન પહોંચાડ્યું.૨૦૧૫માં પણ નેપાળમાં ૭.૮ થી ૮.૧ની તીવ્રતાના ભૂકંપ આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્ર પૂર્વ નેપાળ હતું. હિમાલયની શ્રેણીમાં અસ્થિર ટેક્ટોનિક પ્લેટોને કારણે ભૂકંપના આંચકા અનુભવાતા રહેશે.

બિહારના અનેક જિલ્લાઓ મોતિહારી, સમસ્તીપુર, દરભંગા, મધુબની, પૂર્ણિયા, સિવાન, અરરિયા, સુપૌલ અને મુઝફ્ફરપુરમાં સવારે ૬.૪૦ વાગ્યાની આસપાસ ભૂકંપના ઝટકા મહેસૂસ થયા. માલ્દા સહિત બંગાળના કેટલાક ભાગો અને સિક્કિમમાં પણ ધરતી ધ્રુજતી રહી. એવું કહેવાય છે કે પાંચ સેકન્ડ સુધી ધરતી ધ્રુજી. લોકો ભૂકંપના ઝટકા મહેસૂસ થતા ડરીને ઘરમાંથી બહાર આવી ગયા હતાં અને નાસભાગ મચી ગઈ હતી.યુએસજીએસ અર્થક્વેકસના જણાવ્યાં મુજબ નેપાળમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ની જોવા મળી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યાં મુજબ ભૂકંપનું કેન્દ્ર નેપાળ-તિબ્બત સરહદ પાસે શિજાંગમાં રહ્યું.

સુપ્રીમ કોર્ટે નાદુરસ્ત તબિયતના કારણે આસારામને વચગાળાના જામીન આપ્યા

આસારામ પુરાવા સાથે ચેડા કરવાનો પ્રયાસ નહીં કરે અને પોતાના અનુયાયીઓને મળી શકશે નહીં.

નવીદિલ્હી,

બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામ બાપુ ટૂંક સમયમાં જેલમાંથી બહાર આવશે. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને બળાત્કાર કેસમાં તબીબી આધાર પર ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે વચગાળાના જામીન પર મુક્ત થયા બાદ આસારામ પુરાવા સાથે ચેડા કરવાનો પ્રયાસ નહીં કરે. આસારામને તેમના અનુયાયીઓને મળવાની પરવાનગી નથી.

જસ્ટિસ એમએમ સુંદરેશ અને રાજેશ બિંદલની ખંડપીઠે આસારામને તેમની મુક્તિ પછી તેમના અનુયાયીઓને ન મળવાનો નિર્દેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ૮૬ વર્ષીય આસારામ હૃદય રોગ ઉપરાંત વય સંબંધિત વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડિત હતા. તે માત્ર તબીબી આધાર પર જ આ મુદ્દાની

તપાસ કરશે.

આસારામને ૨૦૧૩માં જોધપુરના આશ્રમમાં ૧૬ વર્ષની બાળકી પર બળાત્કારનો દોષી ઠેરવવામાં આવ્યો હતો. ૨૦૧૮માં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. અગાઉ, તેણે સ્વાસ્થ્યના કારણોસર સજાને સ્થગિત કરવા માટે ઘણી વખત અરજી કરી હતી, પરંતુ આ અરજીને અગાઉ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. ગાંધીનગર કોર્ટ દ્વારા આપવામાં આવેલી આજીવન કેદની સજાને સ્થગિત કરવાની આસારામની અરજી પર સુપ્રીમ કોર્ટે ૨૦૨૩માં ગુજરાત સરકારનો જવાબ માંગ્યો હતો. આસારામ હાલ બળાત્કારના અન્ય એક કેસમાં રાજસ્થાનની જોધપુર જેલમાં બંધ છે.

આ પહેલા ઓગસ્ટમાં આસારામને હૃદય સંબંધિત બિમારીની સારવાર માટે જોધપુરની સેન્ટ્રલ જેલમાંથી બહાર લાવવામાં આવ્યા હતા. ૧૩ ઓગસ્ટે હાઈકોર્ટે આસારામને મહારાષ્ટ્રની એક આયુર્વેદિક હોસ્પિટલમાં સાત દિવસની પોલીસ કસ્ટડીમાં સારવાર લેવાની મંજૂરી આપી હતી. ઉપરાંત, પેરોલ આપતી વખતે હાઈકોર્ટે કેટલીક શરતો મૂકી હતી, જેમાં ચાર પોલીસકર્મીઓ તેની સાથે મુસાફરી કરશે, તેને પણ તેની સાથે બે એટેન્ડન્ટ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. તેમને પુણેમાં ખાનગી કોટેજમાં રાખવામાં આવશે અને સારવાર અને પરિવહનનો સંપૂર્ણ ખર્ચ તેમજ પોલીસ બંદોબસ્તનો ખર્ચ તેમણે ઉઠાવવો પડશે.

રાજ્યભરમાં કોચિંગ સેંટર પર સ્ટેટ જીએસટીના દરોડા, ૩૬ સ્થળો પરથી આટલા કરોડની કરચોરી ઝડપી

અમદાવાદ,

રાજ્યભરમાં કોચિંગ સેંટર પર સ્ટેટ જીએસટીએ દરોડા પાડ્યા હતા. જેમાં રાજ્યના ૧૧ કોચિંગ સેન્ટરો પર સ્ટેટ જીએસટી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ સ્ટેટ જીએસટી દ્વારા રાજ્યભરના ૧૧ કોચિંગ સેંટરોના ૩૬ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ, ભરૂચ, ગાંધીનગર, ગોધરા, જૂનાગઢ, રાજકોટ, મહેસાણા, પાલનપુર, સુરેન્દ્રનગર, સુરત, વડોદરા અને વલસાડ સહિત ૩૬ સ્થળોએ આવેલી ૧૧ કોચિંગ ઈન્સ્ટીટ્યુટ સામે સર્ચ અને જપ્તીની કામગીરી કરવામાં આવી હતી. જે કોચિંગ ક્લાસીસ પર શંકાના આધારે દરોડા પાડવામાં આવ્યા છે ત્યાં કમ્પ્યૂટર અને હાર્ડ ડિસ્ક જપ્ત કરવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા અમદાવાદ, ભરૂચ, ગાંધીનગર અને રાજકોટ સહિતના શહેરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેની પ્રાથમિક તપાસમાં ૭.૪૧ કરોડની કરચોરી થવાની શક્યતાઓ જણાઈ હતી. જે આંકડો ૧૧ કરોડની પાર થઈ શકે છે. આ તપાસમાં વેરાનું ખોટું વર્ગીકરણ, વેરાશાખનો ખોટો દાવો સહિતની બાબતો સામે આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

કોચિંગ ક્લાસમાં રેડ કરવાની છે તેવી વિગતો ટેક્સ ઈન્સ્પેક્ટરને આપવામાં આવી હતી અને તેમના સ્ટાફમાં આ વાત મુકાઈ હતી. જેથી કોચિંગ ક્લાસમાંથી તાલીમ લઈને નોકરી મેળવનારા પૂર્વ વિદ્યાર્થીએ પોતાના કોચિંગ ક્લાસના શિક્ષકને જાણ કરી દેતા જે તે કોચિંગ ક્લાસ સાબદા થઈ ગયા હોવાથી ઘણો બધો ડેટા ડિલીટ થઈ ગયાની ઘટના બની છે. જેને લઈને જીએસટીના ઉચ્ચ અધિકારીઓ હવે દરોડામાં સામેલ તમામની ઝીણવટભરી ચકાસણી કરી દરોડાનું પેપર ફોડનારની શોધ કરી રહ્યા છે.

સંભલમાં મસ્જિદના સર્વેને લઈને જાણીજોઈને તણાવ ઉભો કરવામાં આવ્યો હતો,અખિલેશ

ભાજપે અધિકારીઓ દ્વારા જાણીજોઈને સંભલમાં હિંસા ભડકાવી અને નિર્દોષ લોકો પર અત્યાચાર કર્યો

લખનૌ,

સપા પ્રમુખ અખિલેશ યાદવે મંગળવારે મીડિયાને સંબોધતા કહ્યું કે ભાજપે અધિકારીઓ દ્વારા જાણીજોઈને સંભલમાં હિંસા ભડકાવી અને નિર્દોષ લોકો પર અત્યાચાર કર્યો. જ્યારે એસપી પ્રતિનિધિમંડળે નિયંત્રણ મેળવ્યું, ત્યારે તેને અટકાવવામાં આવ્યું હતું. ત્યાં જવાની પરવાનગી ન હતી. આખરે સરકાર શું છુપાવવા માંગતી હતી? તેમણે કહ્યું કે આ ઘટના દ્વારા વાતાવરણને બગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ભાજપ વિભાજનકારી પાર્ટી છે. આ લોકોને માનવ જીવન સાથે કોઈ લેવાદેવા નથી. ભાજપ હૃદય વગરની પાર્ટી છે.આ પહેલા વિધાનસભામાં વિપક્ષના નેતા માતા પ્રસાદ પાંડેએ મીડિયા સામે સંભલ હિંસા સંબંધિત રિપોર્ટ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે સંભલમાં મસ્જિદના સર્વેને લઈને જાણીજોઈને તણાવ ઉભો કરવામાં આવ્યો હતો. સર્વે કરવા ગયેલી ટીમમાં ભાજપના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને જ્યારે વિવાદ વધી ગયો ત્યારે પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો ન હતો પરંતુ સીધો ગોળીબાર કર્યો હતો. આ ઘટના દ્વારા રાજ્યની સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ સરકારના બે ચૈડા છે, એક અન્યાય અને બીજું ભ્રષ્ટાચાર. આ લોકો ભ્રષ્ટાચારના મામલાઓને દબાવવા માટે રાજ્યમાં વિવિધ સ્થળોએ હિંસા કરી રહ્યા છે. અધિકારીઓ અન્યાયની તમામ હદ વટાવી રહ્યા છે.

તેમણે કહ્યું કે બીજેપી નેતાએ આરોપ લગાવ્યો કે યુપીમાં દરરોજ ૫૦ હજાર ગાયોની કતલ થઈ રહી છે અને ત્યાં ઘણો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. આ જ ભાજપના ધારાસભ્યો કહી રહ્યા છે કે આજે જો રાજ્યમાં ભાજપના મુખ્યમંત્રી ન હોત તો તેઓ મુખ્યમંત્રી આવાસમાં ઘૂસી ગયા હોત. હું એટલું જ કહીશ કે યોગી આદિત્યનાથ ભાજપ સાથે જોડાયેલા નથી. હું તેમને માત્ર એટલું જ કહીશ કે મુખ્યમંત્રી આવાસમાં આવો.

યોગી સરકાર પર કટાક્ષ કરતા સપા અધ્યક્ષે કહ્યું કે મિલ્કીપુરમાં સૌથી સ્વચ્છ ચૂંટણી યોજાવા જઈ રહી છે. મીડિયાવાળાઓએ પણ કેમેરા સાથે ત્યાં જવું જોઈએ જેથી તેઓ જાણી શકે કે ત્યાં ચૂંટણી કેવી રીતે થાય છે. તાજેતરમાં નવ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ ત્યારે પ્રશાસનની મદદથી લોકોને મતદાન કરવા દેવામાં આવ્યું ન હોવાનું જોવા મળ્યું હતું. બૂથ પર પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને તેમને મતદાન કરવા દેવામાં આવ્યા ન હતા.

આતંકવાદ સામે લડવા માટે ભારત અને મલેશિયા સાથે મળીને કામ કરશે

નવીદિલ્હી

મલેશિયાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના મહાનિર્દેશક રાજા દાતો નુશિરવાન બિન ઝૈનલ આબિદિન ભારતની મુલાકાતે છે. દરમિયાન, પ્રથમ ભારત-મલેશિયા સુરક્ષા સંવાદની સહ-અધ્યક્ષતા ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને મલેશિયાના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના મહાનિર્દેશક રાજા દાતો નુશિરવાન બિન ઝૈનલ આબિદિન દ્વારા કરવામાં આવી હતી. સુરક્ષા વાટાઘાટો દરમિયાન ભારત અને મલેશિયા વચ્ચે ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

સુરક્ષા વાટાઘાટો દરમિયાન, બંને પક્ષોએ વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા પર વિચારોનું આદાનપ્રદાન કર્યું. આ દરમિયાન સુરક્ષા, સંરક્ષણ અને દરિયાઈ ક્ષેત્રોમાં ચાલી રહેલા દ્વિપક્ષીય સહયોગની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બંને પક્ષો આતંકવાદ વિરોધી, કટ્ટરવાદ વિરોધી, સાયબર સુરક્ષા, સંરક્ષણ ઉદ્યોગ અને દરિયાઈ સુરક્ષામાં સહયોગને વધુ ગાઢ બનાવવા સંમત થયા હતા. બંને પક્ષોએ મહત્વપૂર્ણ ખનિજોની શોધ અને અન્ય બાબતોમાં સહકાર વધારવા અંગે પણ ચર્ચા કરી હતી. બંને પક્ષો વચ્ચે એ વાત પર પણ સહમતિ સધાઈ હતી કે વાર્ષિક બેઠકોનું આયોજન કરવામાં આવશે જેથી સંવાદ પ્રક્રિયા ચાલુ રહી શકે.

ભારત-મલેશિયા સુરક્ષા સંવાદનો પાયો ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મલેશિયાના વડા પ્રધાન દાતો સેરી અનવર ઈબ્રાહિમ દ્વારા નાખવામાં આવ્યો છે. ઈબ્રાહિમ ઓગસ્ટ ૨૦૨૪માં પીએમ મોદીના આમંત્રણ પર ભારતની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન ભારત-મલેશિયા દ્વિપક્ષીય સંબંધોને વધુ વિસ્તૃત કરવા પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન બંને નેતાઓએ દ્વિપક્ષીય સુરક્ષા સહયોગને મજબૂત કરવા પર પણ સહમતિ દર્શાવી હતી.

દેશ કોઈપણ ઉભરતા સ્વાસ્થ્ય પડકારોનો તાત્કાલિક પ્રતિસાદ આપવા માટે તૈયાર

કર્ણાટક,તમિલનાડુ,ગુજરાતપછી,HMPV મહારાષ્ટ્રમાં ત્રાટક્યું,નાગપુરમાં બે શંકાસ્પદ કેસનોંધાયા

નવીદિલ્હી,

ચીનમાં ફેલાતા નવા માનવ મેટાપ્યુમોવાયરસે ભારતમાં દસ્તક આપી છે. કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત બાદ હવે મહારાષ્ટ્રમાં પણ એચએમપીવી સંક્રમણનો કેસ નોંધાયો છે. નાગપુરમાં બે શંકાસ્પદ એચએમપીવી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે. તેમની ઉંમર સાત અને ૧૩ વર્ષની હોવાનું કહેવાય છે.આરોગ્ય નાયબ નિયામક શશિકાંત શંભારકરે જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલમાં બાળકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બંને દર્દીઓને સારવાર આપી ઘરે મોકલી દેવામાં આવ્યા છે. હવે આ બે શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ તપાસ માટે નાગપુરના એઈમ્સ મોકલવામાં આવ્યા છે.ભારતમાં પહેલાથી જ ત્રણ એચએમપીવી કેસ મળી આવ્યા છે. જેમાંથી બે કેસ બેંગ્લોરમાંથી અને એક કેસ અમદાવાદમાં નોંધાયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ આ વાતની પુષ્ટિ કરી છે. આ સિવાય તમિલનાડુમાં પણ બે શંકાસ્પદ કેસ નોંધાયા છે. તમને જણાવી દઈએ કે, દેશભરમાં શ્વસન સંબંધી રોગો પર દેખરેખ રાખવા માટે ચાલી રહેલા સર્વેલન્સ પ્રયાસોના ભાગરૂપે આ કેસો મળી આવ્યા હતા.

આ બધા વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું હતું કે, અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને પાડોશી દેશોમાં વાયરસની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે અમે તૈયાર છીએ, તમામ પગલાં લઈ રહ્યા છીએ, અમે તમામ પાસાઓ પર નજર રાખી રહ્યા છીએ. આ કોઈ નવો વાયરસ નથી, વાયરસની ઓળખ ૨૦૦૧માં જ થઈ હતી.

સ્વાસ્થ્ય મંત્રી નડ્ડાએ નિષ્ણાતોને ટાંકીને સ્પષ્ટતા કરી કે એચએમપીવી ઘણા વર્ષોથી આખી દુનિયામાં ફેલાઈ રહ્યો છે. તે શ્વાસ દ્વારા, હવા દ્વારા ફેલાય છે. તે તમામ વય જૂથના લોકોને અસર કરી શકે છે. આ વાયરસ શિયાળાના શરૂઆતના મહિનાઓ અને ઋતુ પરિવર્તનમાં વધુ ફેલાય છે. ચીનમાં એચએમપીવી કેસના તાજેતરના અહેવાલો અનુસાર, આરોગ્ય મંત્રાલય આઈસીએમઆર અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ ચીન તેમજ પડોશી દેશોની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.દેશમાં હ્યુમન મેટાપ્યુમોવાયરસના કેસ નોંધાયા બાદ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય એલર્ટ મોડ પર છે. રાજ્યોને આ અંગે સતત દેખરેખ અને તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.આરોગ્ય સચિવે તમામ રાજ્ય સરકારોને એચએમપીવીને રોકવા માટેના પગલાં અંગે લોકોને સંવેદનશીલ બનાવવા અને ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી (આઈએલઆઈ) અથવા ગંભીર તીવ્ર શ્વાસોચ્છવાસની બીમારી (એસએઆરઆઈ) ના કેસોની સમીક્ષા કરવા જણાવ્યું હતું. બેઠકમાં રાજ્યોને લોકોને વાયરસથી બચવા અંગે જાગૃત કરવા માટે સલાહ આપવામાં આવી છે. લોકોને સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવાનું પણ કહો. ધોયા વગરના હાથ વડે આંખો, નાક કે મોંને સ્પર્શ કરવાનું ટાળો. બીમાર લોકો સાથે ગાઢ સંપર્ક ટાળો. ખાંસી કે છીંક આવે ત્યારે મોં અને નાક ઢાંકો. સ્વાસ્થ્ય મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, 'સ્થિતિની સમીક્ષા કરવા માટે ૪ જાન્યુઆરીના રોજ ડાયરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસિસની અધ્યક્ષતામાં સંયુક્ત મોનિટરિંગ જૂથની બેઠક યોજાઈ હતી. દેશની આરોગ્ય પ્રણાલીઓ અને સર્વેલન્સ નેટવર્ક સતર્ક છે, તે સુનિશ્ચિત કરે છે કે દેશ કોઈપણ ઉભરતા સ્વાસ્થ્ય પડકારોનો તાત્કાલિક પ્રતિસાદ આપવા માટે તૈયાર છે. ચિંતા કરવાની કોઈ વાત નથી. અમે સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ.

દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો માટે ૫ ફેબ્રુઆરીએ મતદાન થશે, પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે

નવીદિલ્હી,

દિલ્હીના લોકો અને રાજકીય પક્ષો જેની રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આવી ગયો છે. ચૂંટણી પંચે મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું અને દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના કાર્યક્રમની જાહેરાત કરી હતી. ચૂંટણી પંચે કહ્યું છે કે દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો માટે ૫ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થશે. આ પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ હાજર હતા.ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, દિલ્હી વિધાનસભા ચૂંટણીના મતદાનના પરિણામો ૮ ફેબ્રુઆરીએ એટલે કે ચૂંટણીના ૩ દિવસ પછી જાહેર કરવામાં આવશે.મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે મતદાર યાદીને લઈને અફવાઓ ફેલાવવામાં આવી હતી. કોઈપણ આધાર વગર અનેક આક્ષેપો કરવામાં આવ્યા હતા. ઈવીએમને લઈને પણ અફવાઓ ફેલાવવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે મતદારો ચૂંટણી પ્રક્રિયા વિશે જાગૃત છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દિલ્હી દિલથી મતદાન કરશે.

ચૂંટણીની જાહેરાત દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે વિપક્ષના આરોપોનો ખુલ્લેઆમ જવાબ આપ્યો. રાજીવ કુમારે મતદાર યાદીમાંથી મતદારોના નામ કાઢી નાખવા, મતદાનની ટકાવારીમાં અચાનક વધારો અને ઈવીએમ હેકિંગ સહિતના અનેક પ્રશ્નોના જવાબ આપ્યા અને દાવો કર્યો કે પંચ નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવે છે. વિધાનસભા ચૂંટણીમાં મફતના વચનો પર મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે તેઓ આ અંગે કંઈ કહી શકતા નથી. અમારા હાથ મફતના વચનો પર બંધાયેલા છે. આ મામલો કોર્ટમાં પેન્ડિંગ છે.સીઈસી રાજીવ કુમારે કહ્યું કે સ્ટાર પ્રચારકોએ મર્યાદામાં રહીને જ પ્રચાર કરવો જોઈએ. કોઈપણ નેતાએ મહિલાઓ પર ગંદી ટિપ્પણી કરવાનું ટાળવું જોઈએ. મહિલાઓ માટે ગંદી કોમેન્ટ ન થવી જોઈએ. અમે અમારા ડીઈઓને કાર્યવાહી કરતા અટકાવ્યા છે. આવા લોકો પર મતદારો જ પોતાનો ચુકાદો આપશે.

રાજીવ કુમારે એમ પણ કહ્યું કે કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે, આવી સ્થિતિમાં દિલ્હીની ચૂંટણી પર અસર પડી શકે છે. તેથી દિલ્હીને લઈને બજેટમાં ખાસ કંઈ જાહેર કરવું જોઈએ નહીં. આ અંગે આજે જ પત્ર લખીશું.રાજીવ કુમારે કહ્યું કે મતદાર યાદીમાંથી મોટી સંખ્યામાં મતદારોના નામ કાઢી નાખવાના આરોપો ખોટા છે. જો કોઈનું નામ કાઢી નાખવામાં આવે છે તો તે કમિશનમાં કેમ નથી જતા. મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે પૂરતો સમય ઉપલબ્ધ છે. રાજકીય પક્ષોને આ અંગે વાંધો નોંધાવવાની પૂરી તક આપવામાં આવે છે. મતદાર યાદીઓ કાઢી નાખવા અથવા ઉમેરવામાં નિયત પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. તેમાં કોઈપણ પ્રકારની હેરાફેરીનો અવકાશ નથી.તેમણે એમ પણ કહ્યું કે દિલ્હીમાં લગભગ ૧.૫૫ કરોડ મતદારો છે, જેમાં ૭૧.૭૪ લાખ મહિલાઓનો સમાવેશ થાય છે. દિલ્હીમાં પહેલીવાર ૨ લાખથી વધુ લોકો મતદાતા બન્યા છે. દિલ્હીમાં ૧૩ હજારથી વધુ મતદાન મથકો બનાવવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે ઈવીએમને લઈને અફવાઓ ફેલાવવામાં આવી હતી. કોઈપણ આધાર વગર અનેક આક્ષેપો કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ઈવીએમની બેટરીઓ બધાની સામે સીલ કરવામાં આવે છે. ઈવીએમ ચૂંટણીના ૭-૮ દિવસ પહેલા કાર્યરત થઈ જાય છે. છતાં ચૂંટણી આવતા જ આક્ષેપો થવા લાગે છે.રાજીવ કુમારે કહ્યું કે પોલિંગ એજન્ટ જાણે છે કે કોને કેટલા વોટ મળ્યા. દરેકના પોલિંગ એજન્ટ મતદાન મથકની અંદર રહે છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે ઈવીએમ હેક કરી શકાય નહીં. રાજીવ કુમારે કહ્યું કે ઈવીએમમાં ગેરકાયદેસર વોટ નાખી શકાય નહીં.વીવીપીએટી ટેલીમાં એક પણ મતની ગેરરીતિ જોવા મળી નથી.તેમણે કહ્યું કે ઈવીએમ સંપૂર્ણ રીતે ફૂલ પ્રૂફ છે. મતગણતરી પહેલા ઈવીએમનું સીલ ચેક કરવામાં આવે છે.ઉત્તર પ્રદેશની મિલ્કીપુર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશન

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

સંતરામપુર બટકવાડા પંચાયતના નવાગરાના વડાપ્રધાન આવાસ અને શૌચાલયના લાભથી વંચિત

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે નવાગરા ફળિયામાં રહેતા મોટા ભાગના લાભાર્થીઓ વડાપ્રધાન આવાસ યોજના થી વંચિત ઘરનું ઘર મળી રહે સરકારની યોજના વડાપ્રધાન આવાસ યોજના હેઠળ હજુ પણ સંતરામપુર તાલુકાના અંતરિય વિસ્તારમાં રહેતા સંતરામપુર તાલુકાના બટકવાડા ગ્રામ પંચાયતમાં આવેલું નવાગરામાં વડાપ્રધાન આવાસ યોજના અને શૌચાલયનો અત્યાર સુધીમાં કોઈને લાભ આપવામાં આવેલું જ નથી. અત્યારે પણ ગામના મોટાભાગના લોકો કાચા મકાનમાં જ રહેતા હોય છે. આ દિલ સુધી આ લોકોને પાકા મકાનો લાભ પણ નથી મળેલો ચોમાસા દરમિયાનમાં આવા કાચા મકાનમાં રહેવું માટે પણ જીવનો જોખમે રહેતા હોય છે. સરકારના મોટાભાગના કાર્યક્રમમાં ગરીબ લાભાર્થીઓને વડાપ્રધાન યોજના હેઠળ આવશો બનાવી આપેલા આવે છે. સરકારી ચોપડા પર હજુ પણ માત્ર આંકડા જોવા મળી આવેલા છે. જો ગામડાઓમાં તપાસ કરવામાં આવે તો કાચા મકાનમાં વર્ષોથી રહી રહેલા હજુ વડાપ્રધાન આવાસ યોજનાનો લાભોથી વંચિત રહેલા છે ગામની અંદરથી મળેલી માહિતી મુજબ જણાવેલ કે આજ દિન સુધીના અમને સરકારનો ઉજ્વલા યોજના વડાપ્રધાન આવાસ યોજના કે શૌચાલય આજ દિન સુધી આવી સુવિધાઓ અમને પૂરી પાડવામાં આવેલી જ નથી. અમારા આ વિસ્તારની અંદર કોઈ અમારી સામે પણ જોતું નથી. વડાપ્રધાન આવાસ યોજના હેઠળ સરકાર આટલા રૂપિયા ખર્ચે તેમ છતાં ગરીબ લાભાર્થીને હજુ પણ આવાસ લાભોથી વંચિત રહેવું પડતું હોય છે, ખરેખર આવા અંતરિય વિસ્તારમાં સ્થળ ઉપર જ છું તપાસ કરવામાં આવે તો સાચા લાભાર્થીને તેનો લાભ પણ મળી શકે છે. સરકાર ૨૦૧૧ થી જાહેર શૌચાલય બનાવવાનું યોજના જાહેર કરેલી હતી, પરંતુ અત્યાર સુધીમાં આ ગામની અંદર ૨૦ થી ૨૫ મકાન જેટલા આવેલા છે. એક પણ જાહેર શૌચાલય આ ગામની અંદર નથી અને આદિન સુધી સરકાર તરફથી શૌચાલયનો પણ લાભ મળેલ નથી. અમે વર્ષોથી આવા કાચા મકાનમાં રહીએ છીએ સરકારનો અમને કોઈ ઝુંપડા નો લાભ મળ્યો નથી. લાભ માટે અમે કેટલીક વાર પણ રજૂઆત પણ કરી હતી પરંતુ અમારૂં કોઈ સાંભળતું જ નથી. બાબુભાઈ ડામોર નવાગરા ફળિયા બટાકવાળા પંચાયત સંતરામપુરના અમને ઝૂંપડું મળ્યું છે ના અમારૂં શૌચાલય બન્યું છે, અમે સરકારનો લાભ અમને મળતો નથી અને અમારો કોઈ સાંભળતું નથી. રૂપજીબેન ડામોર લાભાર્થી....

સંતરામપુરના ચુથાનામુવાડા ગામે પીકઅપ ડાલા માંથી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ૪ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ચુથાનામુવાડા ગામ પાસેથી પસાર થઈ રહેલી પીકી અપ ડાલા ગાડીને સ્ટેટ વિજીલન્સ ગાધીનગરને મળેલ બાતમીના આધારે આ ગાડી રોકીને તપાસ કરતાં પીકઅપ ડાલાની ચેસીસ પર ઓઈલ ભરવાની ટાંકી બનાવી ફીટ કરવામાં આવેલ હતી.

આ ટાંકીમાં વચ્ચે પાટીશન કરીને ટાંકીની પાછળ ભાગમાં બળેલા જેવું ઓઈલ ભરેલને બીજા ભાગમાં વિવિધ બાન્ડનો ઈંગ્લીશ દારૂ, બીયર વિગેરેની અંદાજે પુઠ્ઠાની અંદાજે ૧૧૦ પેટીઓ પાસ પરમીટ વગર વહન કરીને લઈ જતાં સ્ટેટ વિજીલન્સ મોનીટરીંગ સેલ પોલીસ ઇન્સ્પેકટર એચ.વી.તડવીને તેમના સ્ટાફે ઝડપી પાડેલ અને ગાડીનાં ચાલકને અન્ય એક વ્યકિતને ઝડપીને તેની સઘન પુછપરછ હાથ ધરવામાં આવેલ છે.

આ ઈંગ્લીશ દારૂનો જથ્થો રાજસ્થાન તરફથી ભરીને અમદાવાદ તરફ લઈ જવાતો હોય તેવી શંકા જોવા મળે છે. સ્ટેટ વિજીલન્સ મોનીટરીંગ સેલ ગાંધીનગર દ્વારા સંતરામપુર થી લુણાવાડા રસ્તે ચુથાનામુવાડા ગામ નજીક આજે વોચ ગોઠવીને આ દારૂનો જથ્થો ગેરકાયદેસર રીતે વહન કરી લઈ જતો પીકઅપ ડાલા સાથે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરીને સંતરામપુર પોલીસ મથકે ગુનો નોંધાવવા માટેની કાર્યવાહી હાથ ધરેલ જોવા મળતી હતી.

આ ઘટનામાં દારૂની હેરાફેરી કરતાં વાહન પીકઅપ ડાલા જેની અંદાજીત કિંમત રૂપિયા ત્રણ લાખને પકડાયેલ ઈંગ્લીશ દારૂનો અંદાજીત કિંમત રૂપિયા ચાર લાખનો મલી કુલ મુદ્દામાલ રૂપિયા સાત લાખનો કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સંતરસંતરામપુર તાલુકાના ચુથાનામુવાડા ગામ પાસેથી પસાર થઈ રહેલી પીક્અપ ડાલા ગાડીને સ્ટેટ વિજીલન્સ ગાધીનગરને મળેલ બાતમીના આધારે આ ગાડી રોકીને તપાસ કરતાં પીકી અપ ડાલાની ચેસીસ પર ઓઈલ ભરવાની ટાંકી બનાવી ફીટ કરવામાં આવેલ હતી.આ ટાંકીમાં વચ્ચે પાટીશન કરીને ટાંકીની પાછળ ભાગમાં બળેલા જેવું ઓઈલ ભરેલને બીજા ભાગમાં વિવિધ બાન્ડનો ઈંગ્લીશ દારૂ, બીયર વિગેરેની અંદાજે પુઠ્ઠાની અંદાજે એકસો દસ પેટીઓ પાસ પરમીટ વગર વહન કરીને લઈ જતાં સ્ટેટ વિજીલન્સ મોનીટરીંગ સેલ પોલીસ ઇન્સ્પેકટર એચ.વી.તડવી ને તેમના સ્ટાફે ઝડપી પાડેલ.ને ગાડીનાં ચાલક ને ઝડપી ને તેની સઘન પુછપરછ હાથ ધરવામાં આવેલ છે.

ગોધરા ખાતે એસ્પિરેશનલ બ્લોક્સ પ્રોગ્રામ (ABP) અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

પંચમહાલ,

નીતી(NITI) આયોગ દ્વારા વર્ષ-૨૦૧૮માં સમગ્ર દેશ માંથી ૧૧૨ જીલ્લાઓનો સમાવેશ કરી Aspirational Districts Programme (ADP) શરૂઆત કરવામાં આવ્યો હતો. જેમાં જોવા મળેલા સારા પરીણામોને લીધે તા.૦૭/૦૧/૨૦૨૩ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે Aspirational Blocks Programme (ABP)ની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સમગ્ર દેશમાંથી કુલ ૫૦૦ તાલુકાની પસંદગી કરવામાં આવી છે જેમાં ગુજરાત રાજયના ૧૦ જીલ્લાના ૧૩ તાલુકાની પસંદગી કરવામાં આવી છે.

જે અંતર્ગત પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાની પણ પસંદગી કરવામાં આવી છે. જેને ધ્યાને લઈ નિતી આયોગ દ્વારા નકકી થયેલ ૩૯ માપદંડોનું ઘોઘંબા તાલુકા સ્તરે એસ્પેરેશનલ બ્લોક પ્રોગ્રામ અંતર્ગત આતિશકુમાર સિંઘ, જોઈન્ટ સેક્રેટરી (AFI) MSMEના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, ગોધરા ખાતે રીવ્યુ બેઠક યોજાઈ હતી. આ સમીક્ષા બેઠકમાં જીલ્લા કલેકટરએ આરોગ્ય, પોષણ, શિક્ષણ, કૃષિ અને આનુષાંશિક સેવાઓ, મૂળભૂત માળખાગત સુવિધાઓ, પીવાનુ પાણી, સ્વચ્છતા, નાણાકીય સર્વસમાવેશન અને સામાજીક વિકાસ જેવા માપદંડોની પ્રગતી બાબતે પ્રેઝેન્ટેશન દ્વારા માહિતી આપી હતી.

બેઠકમાં (AFI), MSMEના જોઈન્ટ સેક્રેટરી આતિશકુમાર સિંઘ દ્વારા પંચમહાલ જીલ્લાની Aspirational Blocks Programme (ABP) અંતર્ગત થયેલી પ્રગતિની પ્રશંશા કરી હતી અને તમામ માપદંડોમાં વધુ સારૂં કામ થાય તે માટે ટીમવર્કથી કામ કરવા સૂચન-માર્ગદર્શન આપ્યુ હતું. જે માટે જીલ્લા કલેકટર આશિષકુમારે જીલ્લા વહીવટીતંત્ર ટીમવર્કથી વધુ સારી કામગીરી કરશે તે અંગેની બેઠકના અધ્યક્ષને ખાતરી આપી હતી.

આ બેઠકમાં જીલ્લા કલેકટર આશિષકુમાર, જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા આયોજન અધિકારી, હાલોલ પ્રાંત અધિકારી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, ડીડીએમ નાબાર્ડ, લીડ ડીસ્ટ્રીક મેનેજર તેમજ જીલ્લા અને તાલુકાકક્ષાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

શહેરાના મીઠાલી ગામના જંગલ પાસેથી ઈકો ગાડી માંથી ૫ લાખના ખેરના લાકડા ઝડપી પાડતું વન વિભાગ

શહેરા,

શહેરા મીઠાલી ગામના જંગલ પાસેથી વન વિભાગ એ નાકાબંધી દરમિયાન ઈકો ગાડી માંથી ખેરના લીલા લાકડા મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. વન વિભાગે ખેરના લાકડા અને ઈકો ગાડી મળીને અંદાજીત ૫ લાખનો મુદામાલ કબ્જે લઈને વધુ તપાસના ચકોગતિમાન કર્યા હતા.

શહેરા વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલને ખાનગી રાહે માહિતી મળી હતી કે, મીઠાલી જંગલ માંથી અજાણ્યા ઈસમો દ્વારા લાકડા ચોરીને ગાડીમાં લઈ જવામાં આવી રહ્યા છે. વન વિભાગના વનપાલ આર.એસ.ચૌહાણ, વન રક્ષક જી.ટી. પરમાર અને સી.સી.પટેલ સહિતનો રાઉન્ડ સ્ટાફ મીઠાલી જંગલમાં પહોંચ્યા ત્યારે અજાણ્યા ઈસમો કુહાડી વડે ઝાડ કાપી રહ્યા હતા. ખાંડીયા રાઉન્ડ સ્ટાફ દ્વારા વોચ ગોઠવીને ઈકો કારમાં લઈ જવાતા ખેરના તાજા લીલા લાકડા પકડી પાડીને ફોરેસ્ટ કચેરી ખાતે લાવીને જરૂરી તપાસ હાથધરી હતી. જોકે, વન વિભાગ એ ઈકો ગાડી માંથી મળી આવેલા ખેરના લાકડાને લઈને કડક કાર્યવાહી હાથધરીને અંદાજીત રૂપિયા ૫ લાખની કિંમતનો ખેરના લાકડા અને ગાડી સહિતનો મુદ્દામાલ સરકાર કબજે લઈને વધુ તપાસના ચકો ગતિમાન કરવા સાથે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

રાજ્યમાં સૌથી વધુ ૧૩.૪૨ લાખ હેક્ટરમાં ઘઉં પાકનું રેકોર્ડબ્રેક વાવેતર: કૃષિ મંત્રી રાઘવજી પટેલ

ગાંધીનગર

ગુજરાતના ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે. સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે આ વર્ષે વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૦૭ લાખ હેક્ટર રહ્યો છે. જેની સામે ચાલુ વર્ષે માત્ર અત્યાર સુધીમાં જ ગુજરાતના ખેડૂતોએ ૪૭.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની સંપૂર્ણ સંભાવના છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

ગુજરાતના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે, તેમ જણાવી કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ભારતના કુલ ઘઉં ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્વપૂર્ણ છે. રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમને જાળવી રાખતા આ વર્ષે પણ ગુજરાતમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૦૯ ટકા જેટલું છે. આ ઉપરાંત ધાન્ય પાકમાં મકાઈનું પણ આ વર્ષે કુલ ૧.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૮.૯૨ ટકા જેટલું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં કઠોળ પાકમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યના આશરે ૬.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૮.૩૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું છે. એટલે કે, ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ચણાનું વાવેતર ૧૩૩.૩૮ ટકા જેટલુ થયું છે. તેવી જ રીતે, અત્યાર સુધીમાં રાજ્યમાં જીરા પાકનું ૪.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં તેમજ તેલીબીયા પાકોમાં રાઈનું કુલ ૨.૫૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

ગુજરાતમાં ચાલુ રવિ સિઝન દરમિયાન બટેકા અને ડુંગળીનું પણ મબલખ વાવેતર જોવા મળ્યું છે. ગત વર્ષે ડુંગળીનું આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૬૯ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૯૨ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૩૩.૩૩ ટકા જેટલુ છે. આટલું જ નહિ, બટાટા પાકનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન આશરે ૧.૩૫ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧.૫૬ લાખ હેક્ટરમાં બટાકાનું વાવેતર નોંધાયું છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૫.૫૫ ટકા જેટલું છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રવિ ઋતુમાં હાલની સ્થિતીએ કૃષિ પાકોનું વાવેતર સંતોષકારક રીતે થયું છે, તેમજ સમગ્ર રાજ્યમાં પાકની પરિસ્થિતિ પણ એકંદરે સારી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લાઓમાં કુલ ૧૯.૮૮ લાખ હેક્ટરમાં રવિ પાકોનું વાવેતર થયું છે. જેમાં ચણા પાકનું ૬.૧૭ લાખ હેક્ટરમાં વાવેતર મહત્તમ નોંધાયું છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં ૧.૯૩ લાખ હેક્ટર, ઉત્તર ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૧૨.૯૬ લાખ હેક્ટરમાં, મધ્ય ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૯.૧૬ લાખ હેક્ટરમાં અને દક્ષિણ ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૩.૬૧ લાખ હેક્ટરમાં રવિ પાકોનું વાવેતર નોંધાયેલ છે.

ખેલમહાકુંભ ૩.૦ અંતર્ગત ગોધરા ખાતે તાલુકાકક્ષાની ભાઈઓની કબડ્ડી સ્પર્ધાયોજાઇ

પંચમહાલ,

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત તથા જીલ્લા રમતગમત અધિકારીની કચેરી તથા જીલ્લા રમત વિકાસ અધીકારીની કચેરી, પંચમહાલ દ્વારા સંચાલિત ખેલમહાકુંભ ૩.૦ અંતર્ગત ગોધરા તાલુકા કક્ષાની ભાઈઓની કબડ્ડી સ્પર્ધા એમ.એંડ એમ.મહેતા હાઈસ્કુલ, ગોધરા ખાતે યોજાઈ હતી. જેમાં ગોધરા તાલુકાની અં-૧૪ ભાઈઓમાં ૩૪ ટીમ, અં-૧૭ ભાઈઓમાં ૨૧ ટીમ તથા ઓપન વિભાગમાં ૧૪ ટીમ મળી કુલ ૬૯ ટીમોમાં કુલ ૮૨૮ જેટલા ખેલાડી ભાઈઓએ તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ દરમિયાન ગોધરાના પ્રાંત અધીકારી નિરીલ મોદી, જીલ્લા રમત ગમત અધિકારી મયુરબાળા ગોહિલ તથા જીલ્લા રમતવિકાસ અધિકારી પ્રતાપ પસાયાએ હાજર રહી ટેકનીકલ ઓફીસીયલ્સ તથા ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતું.

ડીપોઝીટર્સ એજ્યુકેશન એન્ડ અવેરનેસ પ્રોગ્રામ (DEAP) અંતર્ગત શહેરા તાલુકાના સ્વસહાય જૂથની બહેનો માટે નાણાકીય સાક્ષરતાની તાલીમ યોજાઇ

પંચમહાલ,

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચમહાલ-ગોધરાની રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન દ્વારા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના નેજા હેઠળ ડીપોઝીટર્સ એજ્યુકેશન એન્ડ અવેરનેસ પ્રોગ્રામ (DEAP)કાર્યક્રમ અંતર્ગત શહેરા તાલુકામાં સ્વસહાય જૂથની ૧૦૪ બહેનોને નિયત કરેલ મોડચુલમાં નાણાકીય સાક્ષરતાની તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમમાં પંચમહાલ જીલ્લાના નાબાર્ડના ડી.ડી.એમ., બેંક ઑફ બરોડાના લીડ બેન્ક મેનેજર, આરસેટી ડાયરેક્ટર, FI કો ઓર્ડીનેટરઅને FLC કાઉન્સેલર, એ.પી.એમ.એમ.એફ.ના CFL કોર્ડીનેટરઅને એ.પી.એમ.-સ્કીલ, તાલુકા પંચાયત શહેરાનો એન.આર.એલ.એમ.યોજનાના સ્ટાફગણ તેમજ સ્વસહાય જૂથની બહેનોહાજર રહી હતી.

રશિયાએ યુક્રેનના ખૂબ જ મહત્વપૂર્ણ શહેર કુરાખોવ પર કબજો કરી લીધો

કિવ,

: રશિયાના સંરક્ષણ મંત્રાલયે સોમવારે દાવો કર્યો હતો કે રશિયન સૈનિકોએ પૂર્વી યુક્રેનમાં મહિનાઓની લડાઈ બાદ મુખ્ય શહેર કુરાખોવ પર કબજો કરી લીધો છે. કુરાખોવ એ પૂર્વીય ફ્રન્ટ લાઈન પર યુક્રેનિયન સૈન્ય માટે એક મહત્વપૂર્ણ ગઢ છે. તેમાં ઔદ્યોગિક વિસ્તાર અને થર્મલ પાવર પ્લાન્ટ છે. તે પૂર્વ અને દક્ષિણ યુક્રેનને જોડતા હાઈવે પર સ્થિત છે. રશિયા-યુક્રેન યુદ્ધના લગભગ ત્રણ વર્ષ પૂરા થવા વચ્ચે રશિયાએ આ દાવો કર્યો છે. જો કે આ દાવા અંગે કિવ તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

એક દિવસ પહેલા, રશિયન સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે યુક્રેનની સેનાએ રશિયાના કુર્સ્ક સરહદ વિસ્તારમાં એક નવું આક્રમણ શરૂ કર્યું છે. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બે સપ્તાહ બાદ શપથ લેવાના કારણે યુદ્ધમાં અનિશ્ચિતતા છે. કોઈપણ સંભવિત શાંતિ વાટાઘાટો પહેલા યુદ્ધ ક્ષેત્રમાં જમીન મેળવવા માટે બંને પક્ષો દ્વારા પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે.

ટ્રમ્પે યુદ્ધ સમાપ્ત કરવાના તેમના ધ્યેયને પૂર્ણ કરવાની તેમની યોજનાઓની વિગતવાર માહિતી આપી નથી, પરંતુ વ્હાઈટ હાઉસમાં તેમની હાજરી યુદ્ધની સ્થિતિ પર નોંધપાત્ર અસર કરે તેવી શક્યતા છે. દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી હવાઈ સુરક્ષાને મજબૂત કરવા માટે તેમના સાથીઓ પાસેથી મદદની અપેક્ષા રાખી રહ્યા છે. તેણે કહ્યું છે કે તે જર્મનીમાં આ અઠવાડિયે યોજાનારી બેઠકમાં તેના સાથી દેશોને તેમની હવાઈ સંરક્ષણ વધારવા માટે બોલાવશે.

આપની આજ.....

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. કેટલીક શુભ ઘટનાઓ બનશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ:આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે. કામ-ધંધાનો લાભ મળશે તે આશાસ્પદ રહેશે, છતાં સંતોષ થશે નહીં.

મિથુન:આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. આવક વધારવા અને આવકના સ્રોતને મજબૂત બનાવવાનું કામ કરશો.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે. તમારા પરિવારની સાથે સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો

સિંહ:આ દિવસે મન કામમાં અડચણ હોવાને કારણે અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરુ કામ પૂર્ણ કરવું જોઈએ. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

કન્યા:પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે. નોકરી કરનારાઓને નવી તકો મળશે. મિત્રો સાથે કપડાં અથવા અન્ય મહત્વની બાબતોમાં ખર્ચ થશે.

તુલા:આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે. આર્થિક બાબતોમાં કાળજી લો અને કોઈને ઉધાર આપવાનું ટાળો. દૈનિક કાર્યોમાં થોડો વિલંબ થશે પરંતુ તે પૂર્ણ થશે.

વૃશ્ચિક:આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે. આજે તમને ઓફિસની કામગીરી અને ધંધામાં સુધારો કરવાની ઘણી તક મળશે પરંતુ તે ગુમાવશો નહીં.

મકર:આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે, તેને સફળતા મળશે. બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને તમારો ભાર પણ ઓછો થશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ. કોઈ બાબતે બોસ સાથે મીટિંગ થઈ શકે છે.

મીન:આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે. તમારા બધા મહત્વપૂર્ણ અને મહત્વપૂર્ણ દસ્તાવેજો સુરક્ષિત રાખો. બપોર પછી તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

લીમખેડા મામલતદાર કચેરીના ગેટ પાસે ટેબલ નાખી બેઠેલ કર્મચારી દ્વારા ૨૦ રૂ. ટોકન લીધા બાદ પ્રવેશ આપવામાં આવતો હોવાનો આક્ષેપ

દાહોદ,

દાહોદ જીલ્લાની લીમખેડા મામલતદાર કચેરી ખાતે કામ માટે આવતાં અરજદારો પાસેથી મામલતદાર કચેરીના ગે પાસે ટેબલ નાંખી બેઠેલ કર્મચારી દ્વારા ૨૦ રૂપીયાનું ટોકન લીધાં બાદ કચેરીમાં પ્રવેશ આપવા સહિત કચેરીનું કામ કરી આપવામાં આવતાં હોવાના આક્ષેપો સાથે કામકાજ માટે આવતાં અરજદારોમાં આ ટોકન પ્રથા મામલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. મામલતદાર કચેરી ખાતે આ ટોકન બંધ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી અરજદારોમાં ઉઠવા પામી છે.

લીમખેડાની મામલતદાર કચેરી ખાતે કોઈ પણ કામ માટે આવતાં અરજદારો પાસેથી મામલતદાર કચેરીના ગેટ પાસે ટેબલ નાંખી બેઠેલ કર્મચારી દ્વારા પોતાની નોંધ બુકમાં એન્ટ્રી કરી રૂ. ૨૦નું ટોકન અરજદારોને આપી મામલતદાર કચેરીમાં પ્રવેશ આપવામાં આવતો હોવાના આક્ષેપો અરજદારો દ્વારા કરવામાં આવી રહ્યાં છે. તો બીજી તરફ એટીવીટીના કામો માટે આવતાં અરજદારો પાસેથી કામ થયાં પહેલા નાણાં લેવા કેટલાં યોગ્ય ? તે મામલે પણ અરજદારોએ નારાજગી વ્યક્ત કરી છે. આ ઉપરાંત કચેરીની કોઈપણ શાખામાં એટીવીટી સિવાયના કામો માટે પણ પ્રવેશ માટે રૂ.૨૦નું ટોકન લેવામાં આવતું હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે બીજી તરફ એક ટોકન એકજ દિવસ ચાલે છે અને બીજા દિવસે ફરીવાર રૂપીયા ૨૦નું ટોકન લેવા માટે અરજદારો મજબુર બને છે. આવા સમયે જો પહેલા દિવસે કે અન્ય દિવસોમાં પણ પોતાનું કામ ન થતાં અવાર નવાર કચેરીના ધક્કા ખાવા મજબુર બનતા અરજદારો પાસેથ વારંવાર રૂપીયા ૨૦નું ટોકન લેવું કેટલું યોગ્ય ? તે પણ તપાસનો વિષય બની રહેવા પામ્યો છે. લીમખેડા મામલતદાર કચેરી ખાતે આસપાસના ગરીબી અરજદારો કોઈને કોઈ કામ માટે મામલતદાર કચેરી ખાતે આવતાં હોય છે. બીજી તરફ ટોકન લેવા માટે પણ લાંબી કતારોમાં ઉભા રહેવા અરજદારો મજબુર બની રહ્યાં છે. મામલતદાર કચેરીમા મળતી સેવાઓની ફી ની ચુકવણી અરજદારની અરજીની ઓનલાઈન એન્ટ્રી જનસેવા કેન્દ્ર ખાતે થયા બાદ ફી ની ચુકવણી કરવાની હોય છે, પરંતુ લીમખેડાની મામલતદાર કચેરીમા પ્રવેશતાની સાથે જ અરજદારોનુ નામ લખવા માટે આઉટ સોર્સીંગથી ફરજ બજાવતા પટાવાળાને મામલતદાર દ્વારા રાખવામા આવ્યો હતો, અને તેને કચેરીમા આવતા અરજદારો પાસે ટોકન આપીને ૨૦ રૂપીયા લેવાની કામગીરી સોંપવામા આવી હતી, પટાવાળા જેવા વર્ગ–૪ ના આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીને પટાવાળાની ફરજની જગ્યાએ રૂપિયાની ઉઘરાણીનુ કામ સોપવામા આવતા અનેક સવાલો ઉભા થયા છે. આવા સમયે સંબંધિત તંત્ર દ્વારા લીમખેડાની આ મામલતદાર કચેરીમાં ચાલતી ટોકન પ્રથા મામલે અરજદારોના હિતમાં તપાસ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

નકલી NA પ્રકરણમા સેટલમેન્ટ કમિશનર દ્વારા અપાયેલા આદેશોમા સ્થળ સ્થિતિનો તાગ મેળવવા

દાહોદના ૨૦૦ ઉપરાંત શંકાસ્પદ સર્વે નંબરોમાં નિયુકત કરાયેલી ૧૦ ટીમો દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રિસર્વેની કામગીરી શરૂ કરાઈ.

દાહોદ,

દાહોદના નકલી NA પ્રકરણઃ શંકાસ્પદ ૨૦૦ ઉપરાંત સર્વે નંબરોમાં સ્થળ સ્થિતિની જાણકારી મેળવવા માટે કલેકટરના આદેશો અનુસાર રેવેલું ડિપાર્ટમેન્ટની ૧૦ ટીમો દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાખી Dgps મશીન દ્વારા રીસર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમા ઉપરોકત ટીમો આગામી દિવસોમાં રીસર્વે કામગીરી દરમિયાન તમામ શંકાસ્પદ સર્વે નંબરમાં કેટલું બાંધકામ છે. જમીન ખુલ્લી છે અથવા હાલ જે પરિસ્થિતિ છે તે પરિસ્થિતિનુ અહેવાલ કલેકટર તેમજ ગાંધીનગર ખાતે મોકલાવશે જે બાદ નકલી NA પ્રકરણમાં સામે આવેલા શંકાસ્પદ સર્વે નંબરોમાં હાલની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ કેટલા સર્વે નંબરોમાં પ્રીમિયમ લાગુ પડે છે. શંકાસ્પદ સર્વે નંબરોમાં કેટલું પ્રીમિયમ અને કોણ ભરશે. તે અંગે નિર્ણય લેવાશે. આ સિવાય બાકી બચેલા સર્વે નંબરોવાળી જમીન પ્રીમિયમ પાત્ર ન હોય તો રૂપાંતર વેરો કેટલો લાગશે અથવા મહેસૂલી કાયદા પ્રમાણે અન્ય કોઈ વસુલાત બાકી છે કે કેમ તે અંગેનો અવલોકન કરવામાં જે બાદ સરકારનું બાકી લેણું નીકળે છે. એ બાકી લેણું કોની પાસેથી વસૂલ કરવું. તે અંગે ફોર્મુલા નક્કી થશે. પરંતું આજે અને જીલ્લા બહારથી આવેલી સર્વેયરની ટીમો સ્થાનિક ટીમો સાથે મળી દાહોદ શહેર તેમજ આસપાસના વિસ્તારમાં આવેલા ૨૧ ગામડાઓમાં આવેલી શંકાસ્પદ સર્વે નંબરોની તપાસની કામગીરી ચાલુ કરી દીધી છે. જે અગામી દિવસો સુધી ચાલશે. આ સમગ્ર એક્સરસાઈઝ શંકાસ્પદ સર્વે નંબરોમાં એન્ડ યુઝર્સ એટલે કે બોનોફાઈટ પરસેસર માટે સર્વે નંબરો રેગ્યુલાઈઝ કરવા માટે ચોક્કસ નીતિ ઘડી શકાય તે માટે સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવશે.

શંકાસ્પદ સર્વે નંબરોમા તપાસની ટીમમાં રેવન્યુ ના કેટલા કર્મચારીઓ સામેલ કરવામાં આવ્યા.

રીસર્વે માટે નક્કી કરાયેલ ટીમમાં દરેક ટીમમાં બે રેવેન્યુ તલાટી, તલાટી કમ મંત્રી,બહારથી બોલાવેલા સર્વેયર પૈકી ૧ સર્વેયર, તથા દરેક ટીમમાં ચાર પોલીસ કર્મીઓ સામેલ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં દર બે ટીમ ઉપર એક નાયબ મામલતદાર તેમજ દર પાંચ ટીમ ઉપર ડેપ્યુટી કક્ષાના અધિકારી મોનિટરિંગ માટે મૂકવામાં આવ્યા છે.

સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ RAC–કલેકટરને રિપોર્ટ કરાશે.

સેટલમેન્ટ કમિશનર દ્વારા શંકાસ્પદ સર્વે નંબરોમાં સ્થળ સ્થિતિની જાણકારી મેળવવા માટે રિસર્વેના આદેશો આપવામાં આવ્યા છે. જેમાં તપાસ કરનાર ટીમો અહેવાલ તૈયાર કરશે જે નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કર્યા બાદ સમગ્ર અહેવાલ નિવાસી અધિક કલેકટર તેમજ કલેક્ટરને સુપરત કરવામાં આવશે જે બાદ ૨૦૦ ઉપરાંત સર્વે નંબરોની સ્થળ સ્થિતિનો રિપોર્ટ સેટલમેન્ટ કમિશનર ગાંધીનગર ખાતે મોકલી દેવામાં આવશે. જે બાદ સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવશે.

દાહોદના ખંગેલા બે દિવસ પહેલા લુંટની ઘટનામાં મકાન માલિક દ્વારા લુંટની વાત ઉપજાવી કાઢવાના ગુના ૩ વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલા ગામે બે દિવસ પહેલા એક મકાનમાં લુંટી ઘટના સામે આવી હતી. ઘટનામાં નવો વળાંક સામે આવતાં સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયાં છે. જેમાં ખુદ મકાન માલિક દ્વારા લુંટની ઘટનાને ખોટી રીતે ઉપજાવી કાઢી ગામમાં રહેતાં સાતેક વ્યકિતઓ વિરૂદ્ધ લુંટના આક્ષેપો સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે તપાસમાં ખુદ મકાન માલિકે ફરિયાદમાં નોંધાવેલ સાત વ્યકિતઓ સાથે નાણાંકીય લેવડ દેવડમાં અણબનાવ હોઈ જેમાં વ્યકિતઓને ખોટા કેસમાં ફસાવી દેવા માટે અને નાણાં ન આપવા પડે તે માટે પોતાના જ ઘરમાં લુંટની ખોટી ઉપજાવી કાઢેલ ઘટનાને અંજાપ્યાંનું પોલીસ સમક્ષ સામે આવતાં પોલીસે મકાન માલિક સહિત ત્રણ વ્યકિતઓ વિરૂદ્ધ ગુનો નોંધ્યાંનું જાણવા મળે છે.દાહોદના ખંગેલા ગામે ખેડા ફળિયામાં રહેતાં હસુભાઈ નુરજીભાઈ મેડાના મકાનમાં બે દિવસ પહેલા રાત્રીના સમયે ગામના સાતેક લોકો દ્વારા પોતાના ઘરમાં ઘુસી પોતાને તેમજ પોતાના પરિવારજનોને માર મારી ઘરમાં મુકી રાખેલ રોકડા રૂપીયા તેમજ ચાંદીના દાગીના વિગેરે મળી કુલ રૂા.૫ લાખ ઉપરાંતનો મુદ્દામાલ લુંટારૂઓ લુંટ કરી નાસી ગયાં હોવાનું હસુભાઈ નુરજીભાઈ મેડાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું. આ મામલે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો અને પોલીસને આ મામલે શંકા જતાં પોલીસ દ્વારા ટેકનીકલ માધ્યમ તેમજ હ્યુમન સોર્સના આધારે પોલીસે તપાસ કરતાં ખુદ મકાન માલિકે એટલે કે, હસુભાઈ મેડાએ ગામમાં રહેતાં સાતેક વ્યકિતઓ જોડે કોઈ મામલે અણબનાવ હોય જે મામલે પંચ રાહે સમાધાન પણ થયું હતું, જે સમાધાનમાં સામાવાળા પક્ષને નાણાં આપવાના હોઈ જે નાણાં ન આપવા પડે તેમજ સામાવાળા વ્યકિતઓ સાથેની અદાવતે પોતાના ઘરમાં પોતે લુંટની ઘટના બની હોવાની ખોટા રટણો કરી પોલીસને ગેરમાર્ગે દોરી હોવાનું પોલીસ સમક્ષ જાહેર થતાં આ સંબંધે પોલીસે હસુભાઈ મેડા, તેમના ભાઈ તેમજ અન્ય એક વ્યકિત મળી કુલ ત્રણ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદના વરોડ ગામે મહાદેવ મંદિર માંથી ૫.૫૦ લાખની મત્તાની તસ્કરો ચોરી કરી જતાં ચકચાર

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના વરોડ મુકામે સોમેશ્વર મહાદેવ મંદિરમાં અજાણ્યા ચોર ઈસમોએ મંદિરને નિશાન બનાવી મંદિરમાંથી અંદાજીત ૫,૫૦,૦૦૦ની ચોરીની ઘટના બનતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ઝાલોદ તાલુકાના વરોડ મુકામે સોમેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે, ત્યાં ગતરોજ રાત્રીના સમયમાં મંદિરની અંદરથી રકમ તેમજ આભૂષણ ચોરાયાની ઘટના સાંભળવા મળતા વરોડ મુકામે પટેલ સમાજના લોકટોળા મંદિરે ઉમટી પડેલ જોવા મળેલ હતા. વહેલી સવારે અશ્વિનભાઈ પટેલ મંદિરે દર્શન કરવા આવેલ હતા. ત્યારે મંદિરની બહાર આવેલ મંદિરની અંદર પ્રવેશવાનો મુખ્ય ગેટ બંધ હતો, પરંતુ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરતા તેમણે જોયું કે મંદિરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. તેથી તેમને કઈ બનાવ બન્યાની શંકા જતા તેઓ મંદિરની અંદર પ્રવેશ કરતા તેઓએ જોયું કે મંદિરની અંદર શિવાલયની ઉપર ચાંદી થી સજાવેલ હતું તે ચાંદીનું શિવાલય તેમજ તિજોરી અને પેટી તૂટેલી હાલતમાં જોવા મળેલ હતી. તેમજ મંદિરની અંદર બધો સામાન વેરવિખેર પડેલ જોવા મળેલ હતો, તેથી મંદિરમાં ચોરી થઈ હોવાનું અશ્વિનભાઈને જાણ થતાં તેઓએ વરોડ મુકામે સ્થાનિક લોકોનો આ ઘટના અંગે જાણકારી આપી હતી. વરોડ મુકામના સ્થાનિકો સહુ ભેગા થઈ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી પહોંચ્યા હતા અને મંદિરમાં થયેલ ચોરી અંગેની જાણકારી આપી હતી. સ્થાનિકોના માનવા મુજબ મંદિરના પ્રાંગણ બહાર આવેલ દરવાજો બંધ હોવાથી રાત્રીના સમયમાં અજાણ્યા ચોર મંદિરનો કોટ કૂદી આવેલ હોય તેવું સ્થાનિકોનું માનવું છે. સ્થાનિકો પાસે જાણવા મળેલ મુજબ ૫,૫૦,૦૦૦ મત્તા ઉપરાંતની મંદિરમાં ચોરી થયેલ છે. પોલીસ દ્વારા આ અંગે વધુ તપાસ આદરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

દે.બારીયા શહેરના ભે દરવાજાના યુવાનો દ્વારા ઉર્સ ખ્વાજા ની છઠ્ઠી શરીફનું આયોજન

દે.બારીયા,

દે.બારીયાના કસ્બા તથા ભે દરવાજાનો અકીદતમંદોના દ્વારા ખ્વાજા એ ખ્વાજાગાહ શાહે હિન્દોસ્તા અતાએ રસુલ હસન સંજરી એટલે ગરીબ નવાઝના લુહામણા નામે પ્રખ્યાતનું ૮૧૩માં ઉર્સના દિવસે તા.૦૬/૦૧/૨૦૨૪ મંગળવારના રોજ છઠ્ઠી શરીફના રોજ ચીસ્તીયા ફ્રેન્ડ સર્કલના યુવાનો એ દુધ કોલ્ડ્રીંકસની લગભગ ૭૦ થી ૭૫ લીટર દુધ તથા માવો તથા ગુલાબ જાંબુ અને ડ્રાયફ્રુટ નાખીને લંગર એટલે છઠ્ઠી શરીફના મોટા પર ન્યાઝનું આયોજન કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનના અજમેર શહેરમાં છેલ્લા ૮૧૩ વર્ષથી ઉર્સનું આયોજન થાય છે. દેશ વિદેશ ખ્વાજાના ચાહવવાવાળા આવે છે અને આપણા પહેલા વડાપ્રધાન થી લઈને હાલના આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઉર્સના મોકા પર ચાદર મોકલાવવાની પરંપરા નિભાવી છે તે આવકારદાયક છે. બોલીવુડના મોટા એકટરો પણ હાજરી આપતા હોય છે. દર માસના છઠ્ઠીમાં તમામ ધર્મના અનુયાયીઓ જતા હોય છે. વાર્ષીક ઉર્સના મહિવા વધારે છે. એટલે દે.બારીયા ભે દરવાજા વિસ્તારના ચિસ્તીયા ફ્રેન્ડ સર્કલના યુવાનો દ્વારા દુધ કોલ્ડ્રીંકસ છઠ્ઠી શરીફના ઉર્સના ખાસ મખસુસના ધ્યાને રાખીને ન્યાઝ (તકસીમ) વિતરણ કરવામં આવી હતી અને યુવાનો પોતાની મનોકામના પુરી થશે. તેવા છઠ્ઠા વિશ્વાસ્ટ છે. એટલે દર વર્ષની જેમ ધામધૂમ સાથે ઉર્સ મનાવવાંમાં આવ્યો હતો. અંતે શરીફ વહી જાતે હે જીસે ખ્વાજા બુલાતે હૈઉ

દાહોદમાં વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ :૯ ડિગ્રી તાપમાન સાથે સમગ્ર જીલ્લામાં ૧૪ કિમીની ઝડપે બર્ફીલા પવનો ફૂંકાતા લોકો ઠૂંઠવાયા

દાહોદ,

દાહોદ શહેર સહિત સમગ્ર જીલ્લામા આજે વહેલી સવારથી જ ૧૪ કિમીની ગતીએ પવન ફૂંકાતા તાપમાનનો પારો વહેલી સવારે ૯ ડિગ્રીએ પહોચ્યો હતો. તાપમાનનો પારો ગગડતા ઠંડીનો ચમકારો વધતા દાહોદ જીલ્લાવાસીઓએ ઠંડીમાં ઠુઠવાયા હતા. તીવ્ર ઠંડીના કેરણે વાતાવરણ ઠંડુગાર બનતા વહેલી સવારે રોડ ઉપર ધુમ્મસ ભર્યું છવાતા વાહન ચાલકોને વાહન ચલાવવામા મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો હતો.

ગુજરાતમાં જાન્યુઆરીની શરૂઆત થતા ની સાથે ધીરે ધીરે તાપમાનમાં ઘટાડો જોવા થતો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે બર્ફીલા ઠંડા પવનો ૧૪ કિમીની ઝડપે ફૂંકાતા વાતાવરણ ઠંડુગાર બન્યું હતું. આજે વહેલી સવારથી શિયાળાની ઋતુની જમાવટ જામી રહી છે. દાહોદ શહેર સહિત સમગ્ર જીલ્લામા ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમાં હિમ વર્ષા શરૂ થઈ છે. જેનો કારણે તાપમાનમા ઘટાડો નોંધાયો છે, ગુજરાતમા આવતા પવનની દિશા બદલાઈને ઉત્તર–પશ્ચિમથી ઉત્તરના પૂર્વના પવનો શરૂ થયા છે. બર્ફીલા પવનો ફૂકાતા દાહોદ જીલ્લાનુ તાપમાન છેલ્લા ત્રણ દિવસથી સતત ઘટી રહ્યુ છે. ત્યારે આજે વહેલી સવારે દાહોદનુ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું હતું. આગામી દિવસોમા ઉતરાયણ પર્વ આવતો હોવાથી ઠંડીમાં વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યકત કરી છે.

ઝાલોદ બેંક ઓફ બરોડા બેંકનું સ્થળ જન સુવિધા હેતુ ધારાસભ્ય મહેશ ભૂરીયાના પ્રયત્ન થકી બદલાયું

ઝાલોદ,

ઝાલોદ નગરમાં બેંક ઓફ બરોડા ગામડી ચોકડી નજીક પોસ્ટ ઓફિસની ઉપર આવેલ હતી. જેનું સ્થાન આજરોજ ૦૭–૦૧–૨૦૨૪ ના રોજ થી એ.પી.એમ.સી ની અંદર જન સુવિધા હેતુ લઈ જવામાં આવેલ છે. પહેલા ગામડી ચોકડી પર બેંક ઉપર હતી અને ટ્રાફિક થી ચહલપહલ કરતા વિસ્તારમાં હતી, જેથી ઉમર લાયક આવતા ખાતેદારોને ઉપર ચઢી ને જવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો તેમજ ટ્રાફિક થી ધમ ધમતો વિસ્તાર હોવાથી વાહન પાર્કિંગ કરવાની ભારે હાલાકી ગ્રાહકોને ભોગવવી પડતી હતી.

આ સમસ્યા અંગે ઝાલોદ ૧૩૦ વિધાનસભા ધારાસભ્ય મહેશ ભૂરીયાને જાણ થતાં તેઓએ બેંક ઓફ બરોડાના મેનેજર વિવેકભાઈ જોડે સંકલન કરી મીટિંગ કરી હતી અને ગ્રાહકને પડતી સમસ્યાના નિરાકરણ માટે એ.પી.એમ.સી મા જગ્યા ફાળવવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો જેથી ઉમર લાયક આવતા બેંકના ખાતેદારો તેમજ વાહન લઈને આવતા ખાતેદારોની સમસ્યા હલ થઈ શકે. બેંક ઓફ બરોડાના મેનેજર વિવેકભાઈ દ્વારા જન સુવિધા હેતુ કાયદાકીય રીતે પ્રોસેસ હાથ ધરી હતી અને ધારાસભ્ય મહેશ ભૂરીયાના પ્રસ્તાવને વધાવી લીધો હતો. બેંક ઓફ બરોડાનું સંપૂર્ણ કાર્ય આજરોજ એ.પી.એમ.સી ખાતે આવેલ નવીન જગ્યાએ ચાલુ થતાં આવતા જતા ગ્રાહકોમાં આનંદ જોવા મળતો હતો.

ઝાલોમાં પીસોઈ ગામે બીજાની પત્નીને પોતાની પત્ની તરીકે રાખવા ઈસમ દ્વારા મહિલા સહિત ચાર વ્યકિતઓને મારમારવામાં આવ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના પીસોઈ ગામે બીજાની પત્નિને પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ એક ઈસમે પોતાની સાથે પોતાના પરિવારજનોને રાખી સાથે મહિલા સહિત ચાર વ્યકિતઓને ડંડા વડે તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.ઝાલોદના પીસોઈ ગામે સ્ટેશન ફળિયામાં રહેતાં રામસીંગભાઈ છત્રસિંહ પગીના ભાઈ આરતભાઈની પત્નિને બારેક વર્ષ પહેલા ગામમાં રહેતો રંગીતભાઈ મંગળસિંહ પગી પત્નિ તરીકે રાખવા સારૂ લઈ ગયો હતો. તેનો નિકાલ કરવા સારૂ ગામની પંચ ભેગી થઈ હતી. જેમાં નિકાલ કરવા જતાં આ મામલે નિકાલ નહીં આવતાં પંચ વિખેરાઈ ગઈ હતી ત્યારે પાછળથી ગત તા.૦૫મી જાન્યુઆરીના રોજ રંગીતભાઈ મંગળસિંહ પગી, રમેશભાઈ મંગળસિંહ પગી, રાકેશભાઈ મંગળસિંહ પગી અને નર્વતભાઈ બાબુભાઈ બારીયા (રહે. વાલાટોગા, તા.સીંગવડ, જી.દાહોદ) નાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી ફોર વ્હીલર ગાડી તેમજ મોટરસાઈકલો પર સવાર થઈ રામસીંગભાઈ છત્રસિંહ પગીના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, હુ તારી બૈરીને પત્નિ તરીકે રાખવાનું છું, તારાખી થાય તે કરી લેજે, તેમ કહી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ મામલે રામસીંગભાઈ તથા તેમના પરિવારજનોએ જણાવેલ કે, તમો અમોને ગાળો કેમ બોલો છો અણારી બહુને તમે લઈ ગયા છો અને ઉપરથી અમોને ગાળો બોલો છો, તેમ કહેતાં ઉપરોકત ચારેય ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને ડંડા વડે તેમજ ગડદાપાટુનો માર મારી આરતભાઈને, રામસીંગભાઈને, કાશીબેનને અને ગીતાબેનને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રામસીંગભાઈ છત્રસિંહ પગીએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદ તાલુકાના નવા ચાકલીયા પ્રાથમિક શાળાના બે શિક્ષકોની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

ઝાલોદ,

વર્ષ ૨૦૨૫માં હાલ સરકારના શિક્ષકો માટે બદલીઓના ઘણાં નિયમોમાં ફેરફારો થઈ રહ્યા છે. ત્યારે શિક્ષકોમાં આનંદની લાગણી છવાઈ રહી છે.

દાહોદ જીલ્લા ઝાલોદ તાલુકાની પગાર કેન્દ્ર નવા ચાકલીયા પ્રાથમિક શાળામાં ધોરણ છ થી આઠમાં ફરજ બજાવતા શિક્ષક અરૂણસિંહ.એન.બારડ, શિક્ષિકબેન ભૂમિકા એચ.મોઢની બદલી તેમના જીલ્લા બનાસકાંઠા ખાતે થતા આજ રોજ તેમનો વિદાય સમારંભ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો. આ બન્ને શિક્ષક ભાઈ બેનએ નોકરીના પાંચ વર્ષના સમયગાળામાં ખૂબ માન સન્માન મેળવ્યું છે.

આ બન્ને શિક્ષકો દ્વારા પગાર કેન્દ્રમાં આવતી તમામ સ્કૂલોના આચાર્યો શાળાનાં બાળકોને ભોજનદાન કરાવ્યું ,તમામ બાળકોને પેન્સિલ પેન આપી શાળામાં ગિફ્ટ આપી તેમણે કર્મભૂમિમાં શિક્ષક તરીકેની ભૂમિકા બજાવીને ખૂબ જ માન સન્માન ઈજ્જત સાથે વિદાય લીધી હતી.

આ કાર્યક્રમમાં સહભાગી બનેલા પગાર કેન્દ્ર શાળાના તમામ આચાર્ય શિક્ષક ભાઈ બહેનો નાના ભૂલકાઓ આનંદની હર્ષભીની લાગણીની સાથે બંને શિક્ષકોને વિદાય આપી હતી. બાળકો ખૂબ ભાવવિભોર બન્યા હતા .શાળાના આચાર્ય હરીશભાઈ વાગડીયા, સી.આર.સી. મેહુલભાઈ અન્ય શિક્ષક ભાઈ બહેનોએ શાલ પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા, ગિફ્ટ આપી વિદાય કર્યા હતા.

આ પ્રસંગે શાબ્દિક લાગણીસભર વાત સંવાદ કર્યો, હંમેશા યાદ કરતા રહીશું જરૂર પડે ત્યારે એકબીજાને મદદ કરીશું તેવા અતૂટ સંબંધો બાંધીને બંને શિક્ષક ભાઈ બહેનોને વિદાય આપી હતી. બંને શિક્ષક ભાઈ–બહેનો દ્વારા શાળાના અનુભવો જણાવતા બંને શિક્ષક ભાઈ બેનની આંખમાં આંસુ આવી ગયા જેની લાગણી તમામ શિક્ષક ભાઈ બહેનો અને બાળકોમાં જોવાઈ હતી. બાળકોએ વિદાય ગીતનું ગાન કરી વાતાવરણને લાગણીસભર બનાવ્યું હતું.

દાહોદ જીલ્લામાં બે અલગ અલગ માર્ગ અકસ્માત બનાવામાં બેના મોત તેમજ ૧૦ થી વધુને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લામાં વીતેલા ચોવીસ કલાકદરમિયાન જુદી જુદી જગ્યાએ વાહન ચાલકની ગફલતને કારણે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં બે વ્યકિતઓ કાળનો કોળિયો બન્યાનું તેમજ દસથી વધુને નાની મોટી ઈજાઓ થયાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલા ગમખ્વાર અકસ્માતના બેબનાવો પૈકીનો એક બનાવ ગરબાડા તાલુકાના ગાંગરડા ગામે સાંજના પાંચેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ તાલુકાના કાળી તલાઈ ગામના મંદિર ફળિયામાં રહેતા અરવિંદભાઈ રૂમાલભાઈ ભુરીયા તથા તેમના પરિવારના અન્ય લોકો તેમનાજ ગામના મેદ્યા ફળિયામાં રહેતા દિનેશભાઈ સડીયાભાઈ માવીની ગાડી લઈ મધ્ય પ્રદેશના સમોઈ ગામે બાબાદેવ ડુંગરે દર્શન કરવા ગયા હતા અને દર્શન કરીને પરત આવી રહ્યા હતા, તે વખતે તેઓની આઠિંગા ગાડી પૂરપાટ આવી રહી હતી. તે દરમિયાન ગાંગરડા ગામે રસ્તા પર અચાનક ઢોર આવી જતા આઠિંગા ગાડીના ચાલો દિનેશભાઈ સડિયાભાઈ માવીએ ઢોરને બચાવવા જતા ગાડીના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ગાડી રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેથી ગાડીમાં બેઠેલા ચાલક સહિત તમામને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જેથી તમામ ઈજાગ્રસ્તોને નજીકના ગરબાડા સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં કાળીતળાઈ ગામના ગંભીર ઈજાગ્રસ્ત હિંમતભાઈ રાજુભાઈ ભાભોરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સંબંધ કાળી તળાઈ ગામના અરવિંદભાઈ રૂમાલભાઈ ભુરીયાએ ગરબાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આ સંદર્ભે પોલીસે ઈંખ્તિઝ્ર ગાડીના ચાલક કાળીતળાઈ ગામના દિનેશભાઈ સડીયાભાઈ માવી વિરૂદ્ધ ફ્રેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જીલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના છાયણ ગામે બુરવાળા ફળિયાના રસ્તા પર સવારના સાડા અગીયાર વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક રીક્ષા ચાલક તેના કબજાની એમપી.૪૧.આર.૧૯૬૫ નંબરની રીક્ષામાં પેસેન્જર બેસાડી રીક્ષા પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા રીક્ષાની વધુ પડતી ઝડપના કારણે ચાલકે રિક્ષાના સ્ટેરીંગ પરનો ગુમાવી દેતા પેસેન્જર ભરેલ રીક્ષા છાયણ ગામે બુરવાળા ફળિયાના રસ્તા પર પલટી ખાઈ જતા રિક્ષામાં બેઠેલ ઘોળા ખાખરા ગામના તળાવ ફળિયાના ધીરસીંગભાઈ વરસીંગભાઈ ડીંડોડની માતા ધનકીબેન વરસીંગભાઈ ડીંડોડ ને જમણા હાથે, જમણા પગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તેઓનું સ્થળ પર જ ક્રમક્રમાટી ભર્યું મોત નીપજયું હતું. જયારે રિક્ષામાં બેઠેલા અન્ય પેસેન્જરોને પણ ઓછી વધતી ઈજાઓ થવાની હતી. જેથી તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ સંબંધે ઘોળાખાખરા ગામના તળાવ ફળિયામાં રહેતા ધીરસિંગભાઈ વરસિંગભાઈ ડીંડોડે ચાકલીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ આ સંદર્ભે રીક્ષા ચાલક વિરૂદ્ધ ફ્રેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મામલતદાર કચેરી લીમખેડા ખાતે પ્રજાલક્ષી વહીવટને સરળ બનાવવા હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવી

દાહોદ,

મામલતદાર કચેરી લીમખેડા ખાતે પ્રજાલક્ષી વહીવટને સરળ બનાવવા તથા પ્રજાને ઉપલબ્ધ થતી સુવિધાઓ મેળવવામાં તક

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગત રોજ રાત્રીના સમયે ગોધરા શહેર નજીક આવેલી એક હોટલના આગળના ખુલ્લા ભાગમાંથી ફોર્ટિફાઇડ ચોખાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો

- સરકારી અનાજ ને કાળા બજારી કરવાના ઈરાદે સગે વગે કરવામાં આવી રહ્યો હતો.
- દાહોદ જીલ્લાના ગરબાડા, ઝાલોદ, ધાનપુર તથા લીમખેડા ગોડાઉન ખાતેનો સરકારી ફોર્ટીફાઈડ ચોખાનો જથ્થો ભામૈયા એફસીઆઈથી ડાયવર્ઝન બાબત.

ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેકટર, એચ.ટી.મકવાણાને સોમવારની રાત્રીના ૧૦.૩૦ કલાકે પંચમહાલ ગોધરા SOG પોલીસની વર્ધી મળતા તાત્કાલિક જીલ્લા પુરવઠા અધિકારીની ટીમ તથા મામલતદાર ગોધરા(ગ્રામ્ય) તેમજ તેઓની ટીમ અને સંયુક્ત ટીમ ધ્વારા પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના છબનપુર ગામે આવેલ હાલોલ– શામળાજી હાઈવેના ગોધરા થી લુણાવાડા જતા છબનપુર ચોકડીથી આશરે ૨(બે) કિમી દુર હાઈવેની ડાબી બાજુએ આવેલ અમરદીપ હોટલ જેના માલિક ચૌહાણ કલ્યાણસિંહ પર્વતસિંહ છે. જે અમરદીપ હોટલના આગળના ખુલ્લા ભાગે રાત્રીના અંધારમાં ઉભી રાખવામાં આવેલ ૪(ચાર) ટ્રકોમાંથી તેજ સ્થળે તેની ખુલ્લી જગ્યામાં ઉભું રાખેલ નંબર વગરનું ટ્રોલી સાથેના ટ્રેકટરમાં ફોર્ટીફાઈડ ચોખાના ૧૪(ચૌદ) કટ્ટા સરકારી અનાજનો જથ્થો અનઅધિકૃત રીતે ટ્રકમાંથી ટ્રેક્ટરમાં ભરેલ જથ્થો વર્ધીના સ્થળે પહોચી ઝડપી પાડવામાં આવેલ છે. ટ્રકમાંથી ટ્રેક્ટરમાં ભરવામાં આવેલ ફોર્ટીફાઈડ ચોખા ગોધરા તાલુકામાં આવેલ ભામૈયા ખાતેના એફસીઆઈ ગોડાઉનથી લીફટીંગ કરી દાહોદ જીલ્લાના અલગ અલગ તાલુકામાં જેવા કે ગરબાડા, ઝાલોદ, ધાનપુર તથા લીમખેડા ગોડાઉન ખાતે લઈ જવાતો જથ્થો નિર્ધારિત રૂટથી ડાયવર્ઝન કરી ગોધરા દાહોદ બાયપાસ પર આવેલ ગોધરા તાલુકાના ગોધરા લુણાવાડા હાઈવે પર આવેલ છબનપુર બાયપાસ ચોકડીથી આશરે ૨ કિમી દુર હાઈવેની ડાબી બાજુએ આવેલ અમરદીપ હોટેલના આગળના ભાગની ખુલ્લી જગ્યામાં રાખી રાત્રીના અંધારામાં ટ્રકો ઉભી રાખી સરકારી અનાજના ફોર્ટીફાઈડ ચોખાનો જથ્થો ડાયવર્ઝન કરતા ટ્રક નં. જીજે–૧૭ યુયુ–૦૮૩૬ માંથી ૩ કટ્ટા, જીજે–૧૭ યુયુ–૮૪૨૨ માંથી ૩ કટ્ટા, ટ્રક નં.જીજે–૧૭ યુયુ–૯૮૭૨ માંથી ૬ કટ્ટા તથા જીજે–૧૭ યુયુ–૧૯૨૫ માંથી ૨ કટ્ટા આમ કુલ મળી ૧૪(ચૌદ) કટ્ટા અનઅધિકૃત રીતે ટ્રકમાંથી ટ્રેક્ટરમાં ડાયવર્ઝન કરતા ઝડપી પાડવામાં આવેલ છે. જે ચારેય ટ્રકો તા.૬.૧.૨૦૨૫ ના રોજ ગોધરા તાલુકામાં આવેલ ભામૈયા ખાતેના એફસીઆઈ ગોડાઉનમાંથી દાહોદ જીલ્લાના ધાનપુર ગોડાઉન ખાતે જીજે–૧૭ યુયુ–૧૯૨૫, ગરબાડા ગોડાઉન ખાતે જીજે–૧૭ યુયુ–૮૪૨૨, ઝાલોદ ગોડાઉન ખાતે જીજે–૧૭ યુયુ–૯૮૭૨ તથા લીમખેડા ગોડાઉન ખાતે જીજે–૧૭ યુયુ–૦૮૩૬ નંબરની ટ્રકોમાં ભરી સરકારી અનાજનો જથ્થો લઈ જવાનો હતો પરંતુ સરકારી અનાજના જથ્થાનો કાળાબજારી કરવાના બદ–ઈરાદાથી ગોધરાથી દાહોદ જીલ્લાના ગોડાઉન ખાતેના નિર્ધારિત કરેલ લીફટીંગના રૂટથી અન્ય રૂટ પર ટ્રકો રોકી તેમાંથી અનાજના કટ્ટા ઉતારી અનઅધિકૃત રીતે સંગ્રહ કરી કાળાબજારી કરી ખુલ્લા બજારમાં ઊંચા ભાવે વેચી વધુ નફો મેળવવાના આશયથી ડાયવર્ઝન કરેલ હોવાનું માનવાને પુરતું કારણ હોવાથી ટ્રેક્ટરમાં ભરેલ ફોર્ટીફાઈડ ચોખાના ૧૪(ચૌદ) કટ્ટા વજન આશરે ૭૦૦ કિગ્રા જેની બજાર કિમત રૂપિયા ૨૭,૩૦૦ તથા ટ્રેક્ટરની ટ્રોલી સાથેની અંદાજીત કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦, આમ કુલ મળી ૭,૨૭,૩૦૦ નો જથ્થો સીઝ કરી ગોધરા ગોડાઉન ખાતે મુકી, ટ્રેક્ટર માલિક ચૌહાણ દીપકકુમાર કલ્યાણસિંહ રહે.છબનપુર તા.ગોધરા તેમજ દાહોદ જીલ્લાના પરિવહન ઈજારાદાર સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ગોધરામાં સરકારી એમ્બ્યુલન્સમાં દર્દીઓ નહી પણ સામાનની હેરાફેરી

ગોધરા,

ગોધરામાં આજરોજ ગોધરા સિવિલ હોસ્પિટલની સામે સરકારી એમ્બ્યુલન્સ ઉભી રહી હતી. જેમાં દર્દીઓ નહી પણ ગોધરા સિવિલ હોસ્પિટલના કોઈકનો સામાનને તાત્કાલિક અસરથી રિફર કરવામાં આવી રહ્યો હતો. ત્યારે આ સરકારી એમ્બ્યુલન્સનો ઉપયોગ ઘર વખરીનો સામાન ભરવા માટે દૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. ગોધરામાં ખાનગી મકાન માંથી ઘર વખરીનો સામાન ભરીને જતી સરકારી એમ્બ્યુલન્સ જોવા મળી હતી. ત્યારે ઘર વખરીના સામાન બાબતે સરકારી એમ્બ્યુલન્સનાં ડ્રાઈવરને પૂછતા ડ્રાઈવરે જણાવ્યું હતું કે, આ સામાન ગોધરા સિવિલ હોસ્પિટલના કોઈકનો છે. ત્યારે ડ્રાઈવર નાં જવાબ થી ગોધરા સિવિલ હોસ્પિટલના તંત્ર સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે ડ્રાઈવરને પૂછવામાં આવ્યું કે ક્યા નો સામાન છે, તો તેઓ એમ્બ્યુલન્સ લઈ ચાલવા માંડ્યા હતા. સરકારી વાહનનો આ રીતનો દૂર ઉપયોગ એ કેટલો વ્યાજબી છે. ત્યારે ક્યા નાં કહેવાથી સરકારી એમ્બ્યુલન્સમાં ઘર વખરીનો સામાન ભરવામાં આવ્યો તે પણ તપાસનો વિષય છે. જે કંઈ પણ હોય પરંતુ સૌથી મહત્વનો પ્રશ્ન હાલ તો એ ઉપસ્થિત થઈ રહ્યો છે કે સરકારી એમ્બ્યુલન્સમાં કયા જવાબદાર અધિકારીના કહેવાથી ઘર વખરીનો સામાન ભરવામાં આવ્યો હતો અને તે જવાબદાર અધિકારી સામે કેવા પ્રકારની કાર્યવાહી થશે તે ખાસ તો જોવું રહ્યું.

મોરવા(હ)ના ખાબડા ગામે પીકઅપ ડાલામાં પશુ આહાર દાણની થેલીઓની આડમાં લઈ જવાતો ૬.૩૨ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રોડ ઉપર પોલીસના પેટ્રોલીંગ દરમિયાન શંકાસ્પદ રીતે થતા પીકઅપ ડાલાને રોકવામાં આવ્યું હતું. પીકઅપ ડાલામાં પશુ આહારની થેલીઓની આડમાં સંતાડીને લઈ જવાનો ઈંગ્લીશ દારૂ તેમજ પીકઅપ ડાલુ મળી કુલ ૯,૩૮,૬૪૦/–રૂપીયાના મુદ્દામાલ પીકઅપ ગાડીના ચાલકને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રોડ ઉપર મોરવા(હ) પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતા પીકઅપ ડાલા નંબર એમપી.૧૮.જીએ.૫૩૪૫ને રોકવામાં આવ્યું હતું. પીકઅપ ડાલામાં પશુ આહાર દાણની મીણીયા થેલીઓની આડમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો હતો. પોલીસ દ્વારા ઈંગ્લીશ દારૂમાં રોયલ સ્પેશ્યલ વ્હીસ્કી પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ–૫૦ કિંમત ૩,૨૪,૦૦૦/–રૂપીયા, સુપર સ્ટ્રોંગ બીયર પેટીઓ નંગ–૯૦ કિંમત ૨,૮૦,૮૦૦/–રૂપીયા, મેકડોવેલ્સ નંબર–૧ રમ માર્કાની પેટીઓ નંગ–૪ કવાટરીયા કિંમત ૩૭,૮૪૦/–રૂપીયા મળી કુલ ૬,૩૨,૬૪૦/–રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે પશુઆહાર ભરેલ થેલીઓ નંગ–૨૦ કિંમત ૬,૦૦૦/–રૂપીયા પીકઅપ ડાલું કિંમત ૩,૦૦,૦૦૦/–રૂપીયા મળી કિંમત ૯,૩૮,૬૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યાં અન્ય ઈસમ નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે નોંધાવા પામી છે.

ગોધરામાં સીમલા ગેરેજ વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણ હટાવાયા : ટ્રાફિક સમસ્યાનો ઉકેલ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી

ગોધરા,

ગોધરા શહેરના સીમલા ગેરેજ વિસ્તારમાં વાહનોના રીપેરીંગ અને કબાડી માર્કેટના દબાણો દૂર કરવા માટે વહીવટી તંત્રએ આજે કડક કાર્યવાહી કરી હતી. આ ગેરેજના માલિકો દ્વારા માર્ગ પર દબાણ કરીને જુના ભંગાર વાહનો રાખવામાં આવતા ટ્રાફિકને મોટી તકલીફ ઉભી થતી હતી.

ભુરાવાવ ચોકડીથી વાવડી ટોલનાકા સુધીના ફોરલેન રોડનું નિર્માણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટ્રાફિકનુ ભારણ ઓછું કરવા અને રસ્તાની સાફસફાઈ માટે તંત્રએ આ દબાણો દૂર કરવાનો નિર્ણય લીધો હતો.

ગેરેજ માલિકોને અગાઉ નોટિસ આપવામાં આવી હતી પરંતુ કેટલાક ગેરેજવાળાઓએ દબાણ ન હટાવતાં તંત્ર એ તાત્કાલિક પગલા લેવા પડ્યા હતા.દબાણ હટાવવાની કામગીરી આરએન્ડબી વિભાગના સ્ટાફ, ગોધરા નગરપાલિકા, આરટીઓ, એમજીવીસીએલની ટીમ, મામલતદાર, પ્રાંત અધિકારી અને મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત સાથે કરવામાં આવી. મોટી સંખ્યામાં પોલીસ કાફલાની હાજરીમાં ગેરેજના દબાણો દૂર કર્યા. તંત્રએ ગેરેજના દબાણો દૂર કરીને રસ્તાની સાફસફાઈ કરી હતી.ફોરલેન રોડના નિર્માણ સાથે ટ્રાફિકના પ્રશ્નોનો ઉકેલ આવશે અને ગોધરા શહેરની વાહન વ્યવહાર વ્યવસ્થામાં સુધારો થશે. વહીવટી તંત્રએ નાગરિકોને સહકાર આપવા અને જાહેર માર્ગો પર દબાણ ન કરવા અનુરોધ કર્યો છે.

ગોધરામાં અમન ડે સ્કુલ દ્વારા નિઃશુલ્ક કોચિંગ કલાસ શરૂ કરવામાં આવ્યા

ગોધરા,

આજરોજ પોલીસ હેડ ક્વાર્ટર ગોધરાના તાલીમ કેન્દ્ર ખાતે પોલીસ પરિવારના બાળકો અભ્યાસમાં નિપૂણે બને તે માટે અમન ડે સ્કૂલ ગોધરા ધ્વારા નિઃશૂલ્ક કોચિંગ કલાસ ધોરણ ૧ થી ૮ ના બાળકો માટે શરૂ કરવામાં આવ્યા.જેનું ઉદઘાટન પંચમહાલ જીલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકી ધ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા પોલીસ વડા દ્વારા બાળકોને શિખ આપેલ કે આ નિઃશુલ્ક કોચિંગ કલાસ નો મહત્તમ લાભ લે અને અભ્યાસમા નવા શિખરો સર કરે.આ પ્રસંગે અમન ડે સ્કૂલના સંચાલક મિહિરભાઈ જાની, ગોધરા વિભાગના નાયબ પોલીસ વડા એન. વી.પટેલ, તાલીમી નાયબ પોલીસ વડા મિતલ સાકરીયા,ચિરાગ વડદોરીયા,ગોધરા એ ડિવિઝન પી.આઈ.વસૈયા, હેડ ક્વાર્ટર પી.આઈ. નિસરતા તેમજ પોલીસ પરિવારજનો અને અમન ડે સ્કૂલ ગોધરાના શિક્ષક ગણ, આચાર્ય રોશનીબેન, નીતા રનાડે,મયંક પરમાર, સંદીપભાઈ તેમજ અન્ય શિક્ષક ગણ તેમજ ૬૭ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમન ડે સ્કૂલ ધ્વારા દરેક બાળકોને અભ્યાસક્રમને લગતી બુક નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી હતી.

મોરવા(હ)ના સુલીયાત ગામે ગંગા જમના શાળા ખાતે કુરિવાજની જાગૃતતા માટે કાર્યક્રમ યોજાયો

મોરવા(હ),

પંચમહાલ જીલ્લાના મોરવા હડફ ખાતે આવેલ સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ મોરવા હડફ ખાતેથી તાજેતરમાં સેતુ અંતર્ગત જેન્ડર રિસોર્સ સેન્ટર,મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જાતીય અસમાનતા દૂર કરવા અને સમાજમાં ચાલતા વિવિધ કુરિવાજોથી જાગૃતતા કેળવવા સેતુ પ્રકલ્પ અંતર્ગત જાગૃતિ ઝુંબેશનું ગંગા જમના માધ્યમિક શાળા સુલિયાત ખાતે તા.૭.૧.૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો.જીગ્નેશ જે.પંડ્યાએ શાળા અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રમાં ખુબ આગળ વધવા અને પોતાનો અને સમાજનો વિકાસ કરવા જણાવ્યું હતું. શાળાના આચાર્ય મણિલાલ વણકરે વિવિધ ઉદાહરણ દ્વારા પ્રસંગોનુસાર ઉદબોધન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે સરકારી વિનયન કોલેજ ગરબાડાના સમાજશાસ્ત્ર વિભાગના વડા ડો. સત્યનારાયણસિંહ શેખાવતે દ્વારા શિક્ષણ અને મહિલા સશકિતકરણ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. સ્ત્રીઓને સમાજમાં ન્યાય અને સન્માન મળે તેમજ જાતિગત ભેદભાવો દૂર કરી સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ વિષય પર નાટક રજૂ કર્યુ હતું. તેમજ ગંગા જમના માધ્યમિક શાળાના વિદ્યાર્થીનીઓએ વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અને પ્રથમ દ્વિતિય અને તૃતિય નંબર લાવનાર વિદ્યાર્થીનીઓને કોલેજ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળા અને કોલેજના અંદાજે કુલ.૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ, કોલેજના અધ્યાપકો, શાળાના શિક્ષકો, ગામના સરપંચ અને ગ્રામજનો મળીને ૧ કિ.મી. સુધી રેલી કાઢવામાં આવી હતી. જેમા વિદ્યાર્થીઓએ સુત્રોચ્ચાર કરી ગ્રામજનોમાં જાગૃતતા ફેલાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.જીગ્નેશ જે.પંડ્યાના માર્ગદર્શન હેઠળ સેતુ પ્રકલ્પ કો–ઓર્ડિનેટર પ્રા.સોનિયાબેન ડામોર અને સભ્ય પ્રા.સતિષ ભગોરા દ્વારા કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ડો.પંકજ તિવારી અને પી.યુ.રાઠોડે તથા આભાર દર્શન પ્રા.ચેતન પટેલ દ્વારા કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સરકારી વિનયન અને વિજ્ઞાન શાખાના અધ્યાપકો, જેમા ડો. કે. જે. રબારી, ડો. ચેતન પટેલ, ડો. પંકજ તિવારી, ડો. સાયબાભાઇ સતોલ, અને ડો. રાહુલ ગૌતમ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ રસપુર્વક ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા સબ જેલ ખાતે કેદી સહાય યોજનાની સમિતિની બેટક મળી

ગોધરા,

જેલના ડી.જી.પી.ડી.કે.એલ.એન.રાવ તથા જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ,ગોધરાના ચેરમેન સી.કે.ચૌહાણના માર્ગદર્શન મુજબ કેદી આર્થિક સહાય યોજનાની સમિતિની બેઠક તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ગોધરા સબ જેલ ખાતે મળેલ. સરકારશ્રીના સમાજ સુરક્ષા ખાતા દ્વારા સજા ભોગવતા કેદીઓના પરીવારને આર્થિક મદદ કરવા માટે સહાય યોજનાની સમિક્ષા માટેની સમિતિની બેઠક તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ હતી. જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જીગ્નેશ લખારા, વેલ્ફર ઓફીસર પુષ્પેન્દ્રસિંહ સોલંકી, સમિતિના સભ્ય અને ગોધરા નગર પાલીકાના કાઉન્સીલર એડવોકેટ ગૌરીબેન જોષી, સમિતીના સભ્ય અને સમાજિક કાર્યકર કેતકીબેન સોની તથા જેલ અધિક્ષક આર.બી.મકવાણા ઉપસ્થિત રહેલ હતા. જેલના અધિક્ષક આર.બી.મકવાણાનાઓએ જણાવેલ કે, સરકારશ્રીના સમાજ સુરક્ષા ખાતા દ્વારા પાંચ વર્ષ કે તેથી વધુની સજા ભોગવતા પાકા કેદીઓ અને જેઓના પરીવારની આર્થિક સ્થિતી સારી નથી. તેવાને રૂા.૨૫૦૦૦/–ની સહાય મળી શકે છે. આ સહાયનો હેતુ કેદીનો પરીવાર આર્થિક ઉપાજન મેળવી શકે તે છે. ગોધરા સબ જેલ ખાતે સજા ભોગવતા બે પાકા કેદીઓના સહાયના કેસ સમિતિ સમક્ષ સમિક્ષા માટે મુકવામાં આવેલ હતા. તે પૈકી પાકા કેદી–અલ્કેશભાઇ કેવલાભાઇ રાઠવાનાઓની ધરતપાસના અહેવાલને ધ્યાને લઇ રૂા.૨૫૦૦૦/–ની સહાય માટે ભલામણ કરેલ છે. જ્યારે અન્ય એક પાકા કેદી–મફતભાઇ ખાનાભાઇ વણકરના કેસમાં શરતો પુરી પુર્ણ થતી ન હોય ભલામણ કરવામાં આવેલ નહી. આ પ્રસંગે સમાજ સુરક્ષા અધિકારી જીગ્નેશભાઇ લખારાએ આ યોજના તથા સરકારશ્રીની અન્ય યોજનાની પ્રાથમિક જાણકારી કેદીઓને આપેલ હતી. એડવોકેટ ગૌરીબેન જોષી દ્વારા કેદીઓને પોતાના કેસના બચાવ માટે કાનૂની સહાયની જાણકારી આપેલ હતી.

કાલોલના નવેરીયા અને ગોધરાના ટીંબા રોડ ખાતેથી ૩ બ્લેક ટ્રેપ ભરેલ ટ્રક સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા

કાલોલ,

પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમ રૂટીન ચેકીંગમાં કાલોલ તાલુકા અને ગોધરા તાલુકા રાત્રીના સમયે નિકળેલ હતા. ત્યારે બાતમી મળી હતી કે, કાલોલના નવેટીયા અને ટીંબા રોડ બ્લેક ટ્રેપ ભરેલ ટ્રક પસાર થઈ રહી છે. બાતમીના આધારે ખાણ ખનિજ વિભાગની રેઈડ કરી બ્લેક ટ્રેપ ભરેલ ૩ ટ્રક કિંમત ૯૦ લાખના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોનને ઝડપી પાડવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમ રાત્રીના સમયે રૂટીન ચેકીંગમાં નિકળેલ હતી. ત્યારે બાતમીદારો દ્વારા બાતમી મળી હતી કે, કાલોલના નવેટીયા પાસેથી ૧ ટ્રકમાં ઓવરલોડ બ્લેક ટ્રેપ ભરીને પસાર થઈ રહી છે. તેમજ ગોધરાના ગોધરા તાલુકાના ટીંબા રોડ ઉપરથી ઓવર લોક બ્લેક ટ્રેપ ભરેલ ટ્રક પસાર થઈ રહી છે. તેવી બાતમી મળી હતી બાતમીના આધારે ખાણ ખનિજ વિભાગની ટીમ દ્વારા બન્ને જગ્યાએ રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન બ્લેક ટ્રેપ ભરેલ ૩ ટ્રક કિંમત ૯૦ લાખ રૂપીયાના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ ખનિજ વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવેલ વાહનો ટીંબા અને હાલોલ ખાતે સીઝ કરી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પંચમહાલમાં ૮ મો ગુંદી તાલુકો બનાવવાની હિલચાલ : કાલોલ ધારાસભ્યે મુખ્યમંત્રીને દરખાસ્ત મોકલી તો મોરવા(હ) ધારાસભ્ય સહિત ૭ ગામે વિરોધ નોધાવ્યો

કાલોલ,

પંચમહાલમાં આઠમો નવો તાલુકા બનાવવાની હીલચાલ થતા વિરોધના સૂર ફુકાયા છે. ગોધરા તાલુકાના ૭ ગામ, ઘોઘબ્રા તાલુકાના ૪૮ ગામ અને દે.બારીયા તાલુકાના ૨૬ ગામોનો સમાવેશ કરીને નવો ગુંદી તાલુકો બનાવવાની દરખાસ્ત કાલોલ ધારાસભ્ય કરી હતી.નવિન તાલુકા બનાવવાની દરખાસ્તનો ગોધરા તાલુકાના ગામોને બાકાત રાખવા ગ્રા.પંના સરપંચ,તાલુકા સભ્ય સહિત ધારાસભ્ય મોરવા(હ)એ વિરોધ નોધાવ્યો છે.

ગુજરાતમાં હાલ નવા જીલ્લા અને મહાનગર પાલીકાઓની જાહેરાત થઈ હતી. નવા જીલ્લાને લઈને વિરોધ નોધાયો હતો. ત્યારે પંચમહાલ જીલ્લા ૭ તાલુકાનો બનેલો છે. ત્યારે આઠકો તાલુકા બનાવવાની હિલચાલને લઈને પંચમહાલથી દાહોદ જીલ્લા સુધી રાજકીય ગરમાવો થયો છે. કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા ઘોઘંબા, ગોધરા અને દેવગઢ બારીયાનું વિભાજન કરી ગુંદીને અલગ તાલુકો જાહેર કરવાની દરખાસ્ત મુખ્યમંત્રીને ૧૨/૩/૨૦૨૪ ના રોજ મોકલી હતી. જે દરખાસ્ત પંચમહાલ કલેકટર પાસે આવતા કલેકટરે દરખાસ્ત અંગે સરકારની નિતિવિષયક કાર્યપધ્ધતિ મુજબ કાર્યવાહી કરવા જીલ્લા વિકાસ અધીકારી પંચમહાલ અને દાહોદને પત્ર મોકલ્યો હતો. જેથી સમાવેશ સંબધિત ગ્રામપંચાયતોમાં ખાસ ગ્રામપંચાયત યોજી નવિન રચનાર ગુંદી તાલુકામાં ગામ સમાવેશ થવા અંગેનો ઠરાવ દિન–૭ માં મોકલી આપવા જણાવ્યું હતું.મોરવા(હ) ધારાસભ્ય નિમિષાબેન સુથારે તેમના મત વિસ્તારના ગોધરા તાલુકાના ગામોને નવિન તાલુકામાં સમાવેશ નહી કરવાની ભલામણ કલેકટર અને ડીડીઓને કરી છે.તેમજ જીલ્લા પંચાયત પ્રમુખે પણ વિરોધ નોધાવ્યો હતો.

દામાવાવને મથક બનાવવાની માંગ કરી નવીન ગુંદી તાલુકા બનાવવાનું બહાર આવતા ગ્રામજનોએ સોસિયલ મિડીયામાં નવા તાલુકાનું મુખ્યમથક માટે ગુગલફોર્મ ભરવા વાઈરલ કર્યું હતું . જેમાં મોટાભાગના લોકોએ દામાવાવ ને નવા તાલુકાનું મુખ્યમથક બનાવવા માટે મત આપ્યા હતા. ત્યારે ગોધરા તાલુકાના ૭ ગામે નોંધાવ્યો હતો. ઈચ્છા હોય તે નવા તાલુકામાં જોડાય ઘોઘંબાથી ૩૦ કી.મી દૂર ગુંદી ગામ આવેલ છે. ગુંદી ગામની આસપાસના ગામોને નવા તાલુકામાં સમાવેશ કરવાની ભલામણ દરખાસ્ત કરી હતી. જેને ઈચ્છા હોય તે નવા તાલુકામાં જોડાય. ગોધરાની ગોલ્લાવ જીલ્લા પંચાયત બેઠકના ગામોનો પ્રશ્ન નવા આવ્યો છે. નવા તાલુકાનું મથક ગુંદી ગામ બને તો આસપાસના ગામોને ફાયદો થાય તેમ છે